## લોકદરબાર અંતર્ગત આવેલ પ્રશ્નોની વિગત. તા. ૦૭.૧૦.૧૪ - જી. પંચમહાલ તા. હાલોલ સ્થળ-હાલોલ

| અ. નં. | વિભાગીય કચેરી | પ્રશ્નાર્થી નું નામ | સરનામું | પ્રશ્નની વિગત | પ્રત્યુતર | નોધ |
|---|---|---|---|---|---|---|
| ૧ | હાલોલ | સુરેશચંદ્ર કનુભાઈ પટેલ | મુ. પો. અરાદ | ખેતી વિષયક વીજ જોડાણ ગ્રાહક નં. ૦૭૩૦૪/૦૦૮૫૧/૨, ૭.૫ હો.પા. નું પ્રથમ બિલ તા. ૩૧.૦૭.૧૦ ના રોજ ૭૪૦/- આવેલ હતું. જે બિલ તા. 10.08.10 ના રોજ રસીદ નં. 021718 થી ભરેલ છે. ત્યારબાદ બિલ ન આવતા પેટા વિભાગીય કચેરીએ રજૂઆત કરતાં સૂચના મુજબ તા.૦૪.૦૩.૧૦ ના રોજ રસીદ નં. ૧૮૦૯૩૪ થી રૂ.૪૦૦૦/- ભરેલ છે. પરંતુ આજ દિન સુધી વીજ બિલ આવેલ નથી. | ખેતી વિષયક વીજ જોડાણ ગ્રાહક નં. ૦૭૩૦૪/૦૦૮૫૧/૨ તા. ૨૪.૧૦.૦૮ ના રોજ ચાલુ કરવામાં આવેલ છે. વીજ જોડાણ ચાલુ કર્યા બાદ તેનું એચ.૩ ફોર્મ બિલિંગ વિભાગને તારીખ ૧૯.૧૧.૦૮ ના રોજ આપવામાં આવેલ છે. જેનો ગ્રાહક નં. ૦૭૩૦૪/૦૦૮૫૧/૨ આપવામાં આવેલો છે. અને સાઇકલ-૧ માં સમાવેશ કરવામાં આવેલ છે. સદર ગ્રાહકનું પ્રથમ બિલ તા. ૩૧/૦૭/૦૯ ના રોજ રૂ.૭૪૦/- નું બનાવેલ છે. ત્યારબાદ કોઈ કારણોસર સદર ગ્રાહક તા. ૨૩.૦૪.૧૦ ના રોજ પી.ડી.સી થયેલ છે. સદર ગ્રાહક ની ફરિયાદ ના આધારે આજ રોજ સ્થળ પર તપાસ કરીને ૫૦૬૨૮ રીડિંગ લાવી શૂન્ય રીડિંગ થી મુકેલ હોય ૫૦૬૨૮ યુનિટ નું રૂ. ૩૫૪૧૧.૩૦/- નું બિલ બનાવેલ છે. નવો ગ્રાહક નં ૦૭૩૦૪/૧૦૨૨૯/૨ આપવાની ઈ-ઉર્જા સિસ્ટમ માં કાર્યવાહી કરી. નવિન બનાવેલ બિલમાં અગાઉ ભરેલા રૂ. ૪૭૫૦/- જમા આપી રૂ. ૩૦૬૬૧.૩૦/- નું બિલ ગ્રાહકને મોકલી આપવામાં આવેલ છે. | |
| ૨ | હાલોલ | હાલોલ તાલુકા પંચાયત પ્રમુખ-શ્રી જસવંતસિંહ સોલંકી | તાલુકા પંચાયત કચેરી | હાલોલ તાલુકામાં વરસડા ચોકડી નજીક નવું સબ સ્ટેશન ઊભું કરવામાં આવે તો આજુ બાજુના પ્રજાજનોની ચોમાસામાં અને દરેક સમયે થતી ફરિયાદો ઘટાડી શકાય અને તેમણે વધુ સગવડ મળી શકે તો નવા સબ સ્ટેશન બાબતે જરૂરી કાર્યવાહી કરવા બાબત | હાલોલ તાલુકાનાં વરસડા ચોકડી નજીક નવીન સબ સ્ટેશન બનાવવા માટે એરીયા તેમજ લોડ ગ્રોથની ચકાસણી કરીને યોગ્ય કરવામાં આવશે. | |
| ૩ | હાલોલ | હાલોલ તાલુકા પંચાયત પ્રમુખ-શ્રી જસવંતસિંહ સોલંકી | તાલુકા પંચાયત કચેરી | હાલોલ તાલુકામાં ઢીકવા નજીક નવું સબ સ્ટેશન ઊભું કરવાની જરૂર છે. જ્યાથી હરહમેશ આજુબાજુના ગામડાઓના વીજળીના પ્રશ્નો હલ થઈ શકે જેથી નવા સબ સ્ટેશન માટેની જરૂરી કાર્યવાહી કરવી | હાલોલ તાલુકાનાં ઢીકવા ગામની નજીક આવેલા વડાતલાવ ગામે નવીન સબ સ્ટેશન મંજૂર કરવામાં આવેલ છે. જેના માટે જરૂરી જમીન હસ્તગત કરવા માટેની કાર્યવાહી હાલ જેટકો કંપની દ્વારા હાથ ધરવામાં આવેલી છે. જમીન મળેથી આગળની કાર્યવાહી કંપની દ્વારા હાથ ધરવામાં આવશે. | |
| ૪ | હાલોલ | હાલોલ તાલુકા પંચાયત પ્રમુખ-શ્રી જસવંતસિંહ સોલંકી | તાલુકા પંચાયત કચેરી | હાલોલ તાલુકામાં લાઈનો ચોમાસામાં તેમજ અન્ય સમયે મેન્ટેનન્સ માટે હેલ્પર સ્ટાફ ઘણો ઓછો હોવાથી સમયસર મેન્ટેનન્સ થતું નથી જેથી લોકોને ઘણી તકલીફ પડે છે તો સત્વરે સ્ટાફ વધારવા બાબત | હાલોલ તાલુકાનાં હાલોલ શહેર પેટા વિભાગમાં પહેલા કુલ ૦૮ લાઇન સ્ટાફ હતો. સદર પેટા વિભાગમાં બીજા ૦૮ માણસોનો લાઇન સ્ટાફ વર્તુળ કચેરી દ્વારા આપવામાં આવેલ છે. અને તમામ લાઇન સ્ટાફ ની ભરતી કરી દેવામાં આવી છે. તથા વધારાના સ્ટાફની દરખાસ્ત વડી કચેરીને વર્તુળ કચેરીના પત્ર નં. ૪૧૧૯, તા. ૧૧૦૬.૧૪ થી કરવામાં આવી છે. પાવાગઢ મુકામે કુલ ૦૫ લાઇન સ્ટાફ ની જગ્યા મંજૂર કરવામાં આવી છે. જેની સામે હાલ લાઇન ઇન્સ્પેક્ટર ની ૦૧ જગ્યા ભરી દેવામાં આવી છે. તથા આસી. લાઇન મેન ની ૦૧ તથા હેલ્પર ની ૦૩ જગ્યાઓ કોન્ટ્રાક્ટ થી ભરપાઈ કરવાની હોય, સદર કાર્યવાહી હાલ કોર્પોરેટ ઓફિસ થી ચાલી રહી છે. જે ટૂંક સમયમાં પૂર્ણ કરવામાં આવશે. હાલોલ તાલુકાનાં હાલોલ ગ્રામ્ય પેટા વિભાગમાં હાલ કુલ ૨૪ લાઇન સ્ટાફની જગ્યા મંજૂર કરેલી છે. જે તમામ ની ભરતી કરવામાં આવેલી છે. | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૫ | હાલોલ | સરપંચશ્રી ગ્રામ પંચાયત-પાવાગઢ | ગ્રામ પંચાયત કચેરી, પાવાગઢ | ચાંપાનેર પાવાગઢ ગ્રામ પંચાયતમાં વાર્ષિક આશરે પચાસ થી સાહિઠ લાખ યાત્રિકો મુલાકાત લે છે. જેને ધ્યાનમાં લઈને ચાંપાનેર પાવાગઢ વિસ્તારમાં વીજ પુરવઠો કાયમી ધોરણે મળી રહે તથા તેનું રીપેરીંગ સારી રીતે થાય તે માટે નવું સબ સ્ટેશન બનાવવા બાબત તેમજ પાવાગઢ ગ્રામ પંચાયત માં કાયમી ધોરણે ઓછામાં ઓછા પાંચ વીજળી ઘર (લાઇન મેન) મૂકવા બાબત | હાલોલ તાલુકાનાં ચાંપાનેર પાવાગઢ ગામની નજીક આવેલા વડાતલાવ ગામે નવીન સબ સ્ટેશન મંજૂર કરવામાં આવેલ છે. જેના માટે જરૂરી જમીન હસ્તગત કરવા માટેની કાર્યવાહી હાલ જેટકો કંપની દ્વારા હાથ ધરવામાં આવેલી છે. જમીન મળ્યેથી આગળની કાર્યવાહી કંપની દ્વારા હાથ ધરવામાં આવશે. પાવાગઢ મુકામે કુલ ૦૫ લાઇન સ્ટાફ ની જગ્યા મંજૂર કરવામાં આવી છે. જેની સામે હાલ લાઇન ઇન્સ્પેક્ટર ની ૦૧ જગ્યા ભરી દેવામાં આવી છે. તથા આસી. લાઇન મેન ની ૦૧ તથા હેલ્પર ની ૦૩ જગ્યાઓ ભરવાની કામગીરી અમલમાં છે. | |
| ૬ | હાલોલ | અશોકભાઈ રાવજીભાઈ પટેલ | મુ. હાલોલ | સ્ટાફ પૂરતો આપવા બાબત | પેટા-વિભાગીય કચેરીની આવક અને કામનું ભારણ તપાસીને સ્ટાફ આપવામાં આવે છે. હાલમાં સ્ટાફ પર્યાપ્ત છે. | |
| ૭ | હાલોલ | અશોકભાઈ રાવજીભાઈ પટેલ | મુ. હાલોલ | દિવસ તથા રાતના સમયમાં૧૧ કેઇવી ચાંપાનેર ખેતી લાયક વીજ લાઇન ની લાઈટ જાય ત્યારે લાઈટ પાછી ક્યારે આવે તે નક્કી થતું નથી. આવું ખેતીની લાઈટ માજ થાય છે. | નાયબ ઈજનેર હાલોલ ગ્રામ્ય તથા હાલોલ શહેર ને સમારકામ નો આદેશ આપેલ છે. જે કામગીરી ચાલુ છે. | |
| ૮ | હાલોલ | અભેટવા ગ્રામ પંચાયત | અભેટવા ગ્રામ પંચાયત | 1. અભેટવા ગામે છૂટા છવાયા ૭૨ વીજ કનેક્શન આપવા બાબત | હાલોલ ગ્રામ્ય પેટા વિભાગીય પત્ર ન. એચ એસ ડી/ટેક/૬૦૩૯/ ૧૮.૦૯.૨૦૧૨ થી જરૂરી દસ્તાવેજી પુરાવા પુર્તતા નહીં કરવાથી રદબદલ કરેલ છે, હાલ કોઈ અરજી પડતર નથી પરંતુ નાયબ ઈજનેરશ્રી ને સરપંચશ્રી ની મુલાકાત લઈને ઘટતી કાર્યવાહી કરવા આદેશ આપેલ છે. | |
| ૯ | હાલોલ | અભેટવા ગ્રામ પંચાયત | અભેટવા ગ્રામ પંચાયત | આશાપુરી મુવાડી તથા શામળદેવી ની મુવાડી ગામે ડી.પી. માં ઓછા વૉલ્ટેજ આવવા બાબત | નાયબ ઈજનેરશ્રી દ્વારા સ્થળ તપાસ કરી નવું ડી .પી. ટી .એસ. ન. એચ .એસ .ડી/ટેક/૩૧૩૭/૨૬.૦૯.૧૪ થી મંજૂર કરેલ છે .. જેની કામગીરી પ્રગતિમાં છે. | |
| ૧૦ | હાલોલ | હરસીગ જે બારીયા | તાલુકા પંચાયત પ્રમુખ જાંબુઘોડા | ગામતાળ જમીન સિવાય બાંધેલા મકાનમાં જ્યોતિગ્રામ લાઇન પરથી લાઈટ આપવામાં આવતી નથી. કેમ? | પ્રવર્તન્માન નિયમ અનુસાર વીજ જોડાણ આપવામાં આવે છે (પરિ પત્ર ન ૨૫/૨૫અ/ ૨૫બ) | |
| ૧૧ | હાલોલ | હરસીગ જે બારીયા | તાલુકા પંચાયત પ્રમુખ જાંબુઘોડા | જાંબુઘોડા પેટા વીભાગીય કચેરી ડુંગર વિષતાર હોવાથી સ્ટાફ પૂરતો આપવા | પેટા-વિભાગીય કચેરીની આવક અને કામનું ભારણ તપાસીને સ્ટાફ આપવામાં આવે છે. હાલમાં સ્ટાફ પર્યાપ્ત છે. | |
| ૧૨ | હાલોલ | વિશાલ એમ પ્રજાપતી | મુ. હાલોલ | ઓધોગીક વીજ જોડાણ ઓધોગીક લાઈન માં થી કનેક્શન કરી આપવા | તાંત્રિક શક્યતાઓને આધિન ઔદ્યોગિક વીજ જોડાણ ઔદ્યોગિક લાઇન માંથી આપવામાં આવે છે. જ્યાં તાંત્રિક રીતે વીજ જોડાણ આપવાની શક્યતા ન હોય ત્યાં બીજી વીજ લાઇન પરથી વીજ જોડાણ આપવામાં આવે છે. | |
| ૧૩ | હાલોલ | પ્રતાપપુરા, વાઘવાણીના ખેડૂત મિત્રો | મુ. પ્રતાપપુરા, | સ્ટાફ પૂરતો આપવા બાબત | પેટા-વિભાગીય કચેરીની આવક અને કામનું ભારણ તપાસીને સ્ટાફ આપવામાં આવે છે. હાલમાં સ્ટાફ પર્યાપ્ત છે. | |
| ૧૪ | હાલોલ | પ્રતાપપુરા, વાઘવાણીના ખેડૂત મિત્રો | મુ. પ્રતાપપુરા, | દિવસ તથા રાતના સમયમાં લાઈટ જાય ત્યારે લાઈટ પાછી ક્યારે આવે તે નક્કી થતું નથી. આવું ખેતીની લાઈટ માજ થાય છે. | નાયબ ઈજનેર હાલોલ શહેર દ્વારા જરૂરી સમારકામ ની કામગીરી ચાલુ છે. | |

## લોકદરબાર અંતર્ગત આવેલ પ્રશ્નોની વિગત. તા. ૦૭.૧૦.૧૪ - જી. વડોદરા તા. પાદરા સ્થળ-પાદરા

| અ. નં. | વિભાગીય કચેરી | પ્રશ્નાર્થી નું નામ | સરનામું | પ્રશ્નની વિગત | પ્રત્યુતર | નોધ |
|---|---|---|---|---|---|---|
| | તા. ૦૭.૧૦.૧૪ રોજ ના પાદરા ખાતે યોજાયેલ લોકદરબાર અંતર્ગત કોઇ પ્રશ્નો આવેલ નથી તેથી માહિતી શુન્ય ગણવી. | | | | | |

## લોકદરબાર અંતર્ગત આવેલ પ્રશ્નોની વિગત. તા. ૦૮.૧૦.૧૪ - જી. આણંદ તા. આણંદ સ્થળ-ઉમરેઠ

| અ. નં. | વિભાગીય કચેરી | પ્રશ્નાર્થી નું નામ | સરનામું | પ્રશ્નની વિગત | પ્રત્યુતર | નોધ |
|---|---|---|---|---|---|---|
| ૧ | આણંદ સીટી | હર્ષદભાઇ મોહનભાઇ સોલંકી, | જીવનધારા, ઇસ્કોન મંદિર પાછળ,<br>વોર્ડ નંબર. ૭, પ્લોટ નંબર. ૨૭/૩,<br>વલ્લભ વિધ્યાનગર, તા.જી. આણંદ | પોતાના નામે મીટર મેળવવા બાબત. | અરજદારની તા. ૦૪/૧૦/૨૦૧૪ ના પત્રની રજુઆતના અનુસંધાનમાં વિદ્યાનગર પેટા વિભાગ તરફથી પ્રવર્તમાન નિયમોનુસાર યોગ્ય કાર્યવાહી કરવા જણાવેલ. તેના અનુસંધાનમાં નાયબ ઇજનેર શ્રી, વિદ્યાનગર પેટા વિભાગ ધ્વારા આપેલ માહિતી મુજબ, અરજદારે નવિન ઘર વપરાશ ૨ કીલોવોટ વિજભાર માટેના વિજ જોડાણની અરજી તા. ૦૧/૧૦/૧૪ ના રોજ રૂપિયા. ૪૦/- નોંધણી ફી રસીદ નંબર. ૯૨૬૯૫૫ થી ભરપાઇ કરાવી વિદ્યાનગર પેટા વિભાગમાં નોંધણી કરાવેલ હતી. સદર મકાનના વીજ જોડાણ માટે તા. ૦૪/૧૦/૨૦૧૪ ના રોજ વિજ જોડાણ આપવા માટેનું સર્વેક્ષણ જુનિયર ઇજનેર શ્રી ધ્વારા સ્થળ ઉપર રૂબરૂ જઇ કરવામાં આવેલ છે. સદર સર્વેક્ષણ દરમિયાન અરજદારના મકાનમાં ઉપર તથા નીચેના માળમાં અલગ અલગ પ્રવેશ ધ્વારા તથા બહારથી ઉપરના માળ માટે અલગ દાદર આવેલ હોવાની ચકાસણી કરવામાં આવેલ છે. અરજદારની અરજી સાથે રજુ કરેલ વિદ્યાનગર નગરપાલિકાના મિલકતના આકારણી પત્રકના દસ્તાવેજી પુરાવા મુજબના સદર મિલકતના સહ માલિક શ્રી ધનજીભાઇ મોહનભાઇ સોલંકીએ અરજદારને નવિન વીજ જોડાણ આપવા સામે લેખિત વાંધો તા. ૦૯/૧૦/૨૦૧૪ ના રોજ રજુ કરેલ છે. તેથી જયાં સુધી મિલકતના સહ ભાગીદાર શ્રી ધનજીભાઇ મોહનભાઇ સોલંકીના વાંધાનો નિકાલ ન થાય ત્યાં સુધી અરજદારને નવિન વીજ જોડાણ આપી શકાય નહીં. આ બાબતે નિયમ મુજબ કાર્યવાહીની લેખિત જાણ લોક દરબારમાં રજુઆત કરનારને કરવા માટે નાયબ ઇજનેર શ્રી, વિદ્યાનગર પેટા વિભાગને સુચના આપેલ છે. | પ્રશ્ન અગાઉથી આવેલ છે અને અરજદારશ્રી હાજર રહેલ નથી. |
| ૨ | આણંદ સીટી | જીગ્નેશકુમાર મહેન્દ્રભાઇ પટેલ, | ૭-બી, દિપપ્રભા પાર્ક,<br>કૈલાશફાર્મ રોડ,<br>ગણેશચોકડી પાસે, આણંદ<br>મુ.પો. આણંદ તા.જી. આણંદ | વીજળી અંગેના પ્રશ્નોને લોક દરબારમાં ચર્ચવા અને સંતોષકારક ઉકેલ માટે. | અરજદારને અત્રેની કચેરીના પત્ર નંબર. એએનસી/ટેક-૨/૭૧૭૩ તા. ૦૭/૧૦/૨૦૧૪ થી વિગતવાર પ્રત્યુત્તર પાઠવેલ છે.<br>અરજદારની રજુઆતના અનુસંધાનમાં પ્રત્યુત્તર જણાવેલ મુધ્દાઓનો વિગતો નીચે મુજબ છે.<br>1. કૈલાશ ફાર્મ રોડ વિસ્તારમાં ૧૧ કેવી ગણેશ અર્બન ફિડર પરથી વિજ પુરવઠો પુરો પાડવામાં આવે છે. સદર ૧૧ કેવી લાઇનની લંબાઇ ૧૭ કિમી છે. જે ખુલ્લા વીજ વાયર વાળી ભારે દબાણની ૧૧000 વોલ્ટની લાઇન છે. સદર ફીડરના વીજ રેષાઓ ખુબ જ ઝાડ ધરાવતા વિસ્તારમાંથી પસાર થાય છે અને ઘણા ઝાડ લાઇનથી પણ ખૂબ ઉંચા આવેલ છે. લાઇનને નડતરરૂપ ઝાડની ડાળીઓ મ.ગુ.વી.કં.લી. ની સ્થાનિક કચેરી ધ્વારા સમયાંતરે કાપવા માટેનું સમારકામ કરવામાં આવે છે. પરંતુ વરસાદ વાવાઝોડા વખતે લાઇનથી દૂર આવેલ ઝાડની ડાળીઓ/શાખાઓ લાઇન ઉપર પડતી હોવાથી વીજ વિક્ષેપ થાય છે. આપનો કૈલાશ ફાર્મ રોડ ૧૧ કેવી ગણેશ ફિડરના અંતિમ ભાગમાં જોડાયેલો હોય ૧૧ કેવી ગણેશ અર્બન ફિડરના બીજા વિસ્તાર કરતાં અંતિમ ભાગમાં આવેલા અરજદારના વિસ્તારમાં પ્રમાણમાં વિજ વિક્ષેપનો સમયગાળો વધારે હોય છે. વધુમાં જણાવવાનું કે, ૧૧ કેવી ગણેશ અર્બન ફીડરમાં વિજ લોડ વધારે હોવાથી સદર ફીડરના વિજ લોડનું વિભાજન કરી જુના મોગરી રોડ તથા મંગળપુરા વિસ્તારનો વિજ લોડ અન્ય ફીડર ઉપર ફેરવવામાં આવેલ છે. રવિવારના રોજ સ્ટેગરીંગ દિવસ હોવાથી જરૂરિયાત મુજબ વિજ પુરવઠો લાઇન સમારકામ કરવા માટે બંધ કરવામાં આવે છે. જેથી વિજ વિક્ષેપ ઘટાડી શકાય. આમ વિજ વિક્ષેપ ઘટાડવાના પ્રયત્નો મ.ગુ.વી.કં.લી. તરફથી કરવામાં આવેલ છે તથા જાહેર જનતા/વિજ ગ્રાહકોને ઓછામાં ઓછી વિજ વિક્ષેપની તકલીફ પડે તે માટેના સતત કામગીરી કરવા મ.ગુ.વી.કં.લી. કટીબધ્ધ છે.<br>2. અરજદારના વિજ વિસ્થાપન પર નાયબ ઇજનેર શ્રી, શાસ્ત્રી સબ ડીવીઝન ધ્વારા કન્ઝયુમર અર્થીંગનો અર્થ ટર્મિનલ મીટર પેટીના અર્થીંગ બોલ્ટ સાથે જોડવાની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. વધુમાં જણાવવાનું કે, ગ્રાહકે પોતાનું અર્થીંગ કરાવેલ હોવાથી જો મ.ગુ.વી.કં.લી. તરફથી ગુજરાત વિજ નિયમન પંચના આદેશ મુજબ કરવામાં આવતા કન્ઝયુમર અર્થીંગની ગ્રાહકને જરૂર ન હોય તો તે બાબતની નિયત ફોર્મમાં સહી કરી જાણ કરે તો તેવા ગ્રાહકોને ત્યાં વિનંતી માન્ય રાખી ગ્રાહકનું પ્રાઇવેટ અર્થીંગ વ્યવસ્થિત હોય ત્યાં મ.ગુ.વી.કં.લી. તરફથી કન્ઝયુમર અર્થીંગ કરવામાં આવતું નથી. | પ્રશ્ન અગાઉથી આવેલ છે અને અરજદારશ્રી હાજર રહેલ નથી.. |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | | | | | ૩. કૈલાશ ફાર્મ રોડ વિસ્તારમાં તથા આણંદ નગરપાલિકાના તાબા હેઠળના વિસ્તારોમાં સ્ટ્રીટ લાઇટની સુવિધા આણંદ નગરપાલિકા તરફથી પુરી પાડવામાં આવતી હોય સદર પ્રશ્ન બાબતે મ.ગુ.વી.કં.લી. તરફથી કોઇ કાર્યવાહી થઇ શકે તેમ નથી. જેથી આ બાબતે અરજદારને આણંદ નગરપાલિકાનો સંપર્ક કરવા જણાવેલ છે. | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૩ | આણંદ સીટી | સરમસખાન અમીનખાં પઠાણ, | ઇસ્માઇલનગર, અબુ બકર પાર્ક, આણંદ તા.જી. આણંદ | ઘરની બાજુમાં સ્ટ્રીટ લાઇટના ઓપન વાયરને બદલે કોટેડ વાયર નાખી આપવા બાબત. | અરજદારને અત્રેની કચેરીના પત્ર નંબર. એએનસી/ટેક-૨/૭૧૭૨ તા. ૦૭/૧૦/૨૦૧૪ થી વિગતવાર પ્રત્યુત્તર પાઠવેલ છે.<br>અરજદારની રજુઆતના અનુસંધાનમાં પ્રત્યુત્તર જણાવેલ મુધ્દાઓનો વિગતો નીચે મુજબ છે.<br>અરજદારની રજુઆતના અનુસંધાનમાં સરદાર પેટા વિભાગ ધ્વારા સદર સ્થળની મોજણી તા. ૦૬/૧૦/૨૦૧૪ ના રોજ કરેલ છે. સ્થળ મોજણી કરતાં સદર સ્થળે અરજદાર ધ્વારા નવિન બાંધકામ કરવામાં આવેલ છે. જેના કારણે સ્ટ્રીટલાઇટ ફેઈઝ વાયર સહિતના સીંગલ ફેઈઝ ત્રણ વાયરની ખુલ્લા વિજ રેષાવાળી હળવા દબાણની લાઇન પસાર થાય છે. સદર લાઇનના ત્રણ ઓપન વાયરની નજીક અરજદાર તરફથી નવિન બાંધકામ કરવામાં આવેલ છે. અરજદાર તરફથી સદર બાંધકામનું લાઇનથી સલામત અંતર રાખવામાં આવેલ નથી. વધુમાં જણાવવાનું કે, સદર લાઇન ખસેડવા માટે કે ઇન્સ્યુલેટેડ હળવા દબાણનો કેબલ નાખવા માટે અરજદાર તરફથી મ.ગુ.વી.કં.લી. ની સરદાર પેટા વિભાગ કચેરીએ લાઇન શીફ્ટીંગની અરજી નોંધાવેલ નથી. વધુમાં જણાવવાનું કે, અરજદાર તરફથી લાઇનની નજીક ભયજનક બાંધકામ કરેલ હોય ભવિષ્યમાં સદર કારણે કોઇ વિજ અકસ્માત કે જાનમાલનું નુકશાન થશે તો તે માટે મ.ગુ.વી.કં.લી. કોઇપણ રીતે જવાબદાર રહેશે નહીં. જેની ગંભીર નોંધ લેવા અને સલામતી માટે વહેલી તકે લાઇન ખસેડવા માટેની કાર્યવાહી કરવા જણાવેલ છે.<br>લોક દરબારમાં આપેલ સુચના મુજબ, મ.ગુ.વી.કં.લી. ના સરદાર પેટા વિભાગીય કચેરીએ લાઇન ખસેડવા માટેની તાંત્રિક મંજુરી મુજબ લાઇન ખસેડવા માટેના અંદાજીત ખર્ચનું રૂપિયા. ૩૧૮૫/- નું અંદાજપત્ર પાઠવવામાં આવેલ છે. અને અંદાજપત્રના નાણાં ભરપાઇ થયા બાદ નડતરરૂપ લાઇન ખસેડવા માટેની કાર્યવાહી મ.ગુ.વી.કં.લી. ના સરદાર પેટા વિભાગીય કચેરી તરફથી કરવામાં આવશે. | પ્રશ્ન અગાઉથી આવેલ છે અને અરજદારશ્રી હાજર રહેલ નથી.. |
| ૪ | આણંદ રુરલ | મકવાણા તારાબેન ભલાભાઇ, | રેલ્વે સ્ટેશન રોડ, યોગેશ્વર સોસાયટી, કરમસદ | કરમસદ મુકામે ઘર વપરાશનું વીજ જોડાણ મેળવવા બાબત. | તા. ૦૮/૧૦/૨૦૧૪ ના રોજ આણંદ મુકામે લોક દરબાર મેળાનું આયોજન કરેલ. તેમાં અરજદાર તરફથી મિલકત નંબર. ૬/૧૪૬૩ મોજે કરમસદ તા. આણંદ માં સીંગલ ફેઈઝ ઘર વપરાશ માટે વીજ જોડાણ મળે તે અંગે રજુઆત કરેલ. તેના અનુસંધાને અરજદારશ્રીને નાયબ ઇજનેર શ્રી, મોગરી સેકશન ઓફીસ તરફથી પત્ર નંબર. ૪૭૯૦ તા. ૦૮/૧૦/૨૦૧૪ થી પત્રમાં દર્શાવેલ યાદી મુજબના મુજબના જરૂરી દસ્તાવેજી પુરાવા સાથે મોગરી સેકશન ઓફીસે રૂપિયા. ૪૦/- રજીસ્ટ્રેશન ફી ભરપાઇ કરી રજુ કરવા માટે જાણ કરેલ છે. ત્યારબાદ અરજદારશ્રીને અંદાજપત્ર આપવાની અને વીજ જોડાણ આપવાની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. | આ પ્રશ્ન અગાઉથી આવેલ ન હતો. લોક દરબારના કાર્યક્રમ દરમ્યાન અરજદારે રૂબરૂ ઉપસ્થિત થઇ સ્થળ ઉપર પ્રશ્ન રજુ કરેલ. |
| ૫ | આણંદ રુરલ | રમેશભાઇ એચ. પ્રજાપતિ, | ગૈગદેવનગર, નાની ખોડીયાર પાસે, આણંદ | સ્ટ્રીટ લાઇટ સમયસર ચાલુ બંધ કરવા બાબત તેમજ તેમના વિસ્તારમાં લો વોલ્ટેજની ફરીયાદ બાબત. | અરજદારની લોક દરબારના કાર્યક્રમમાં કરેલ રજુઆતના સંદર્ભમાં તા. ૦૯/૧૦/૨૦૧૪ ના રોજ સરદાર પેટા વિભાગીય કચેરી ધ્વારા સ્થળ તપાસ કરેલ અને અરજદારે બતાવેલ જગ્યાએ વોલ્ટેજની ચકાસણી કરતાં, અરજદારે બતાવેલ જગ્યાએ પુરતા પ્રમાણમાં વોલ્ટેજ મળે છે. તદઉપરાંત આજુબાજુના તમામ વિસ્તારમાં સદર ફરીયાદ અંગે તપાસ કરતાં કોઇપણ જગ્યાએ લો-વોલ્ટેજની ફરીયાદ હાલમાં નથી તેમજ સ્ટ્રીટલાઇટ સમયસર થતી ન હોવાના પ્રશ્ન અંગે તપાસ કરતાં નગરપાલિકા ધ્વારા લગાવવામાં આવેલ ટાઇમર સ્વીચ બગડેલ હતી. જે કાઢી મેન્યુઅલ સ્વીચ લગાડેલ છે. જેથી હવે સમયસર સ્ટ્રીટલાઇટ ચાલુ બંધ કરવા માટે નાયબ ઇજનેર શ્રી, સરદાર સબ ડીવીઝનને સુચના પાઠવવામાં આવેલ છે. | આ પ્રશ્ન અગાઉથી આવેલ ન હતો. લોક દરબારના કાર્યક્રમ દરમ્યાન અરજદારે રૂબરૂ ઉપસ્થિત થઇ સ્થળ ઉપર પ્રશ્ન રજુ કરેલ. |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૬ | આણંદ રૂરલ | વિનુભાઇ શંકરભાઇ ભોઇ, | ભોઇવાસ, મુ.પો. દાગજીપુરા, તા. ઉમરેઠ જી. આણંદ | કૃષિ વિજ જોડાણમાં પોલ ઉભા થયા છે. ભરતભાઇ વિનુભાઇની વાંધા અરજીથી અટકેલ છે. બની શકે તો (અપાય તેમ હોય તો) વિજ જોડાણ આપવા બાબત. | અરજદારે તા. ૧૯/૦૫/૨૦૧૧ ના રોજ રૂપિયા. ૨૦૦/- પાવતી નંબર. ૧૦૨૭૯૭ થી ભરપાઇ કરી ૧૦ એચ.પી નું કૃષિ વિષયક વિજ જોડાણ મેળવવા માટેની અરજી નોંધણી કરાવેલ. અરજદાર ધ્વારા અરજી નોંધણી વખતે રૂપિયા. ૧૦૦/- સ્ટેમ્પ પેપર નોટરીરાઇઝડ સંમતિ કરાર રજુ કરેલ. ત્યારબાદ તા. ૦૭/૦૩/૨૦૧૪ ના રોજ રૂપિયા. ૧૪૬૦૦/- નું અંદાજપત્ર આપવામાં આવેલ. જે અરજદાર ધ્વારા સમયસર ભરપાઇ કરવામાં આવેલ. અરજદારને કૃષિ વિષયક વિજ જોડાણ આપવા માટે સ્થળ પર પોલ ઉભા કરવાની કામગીરી હાથ ધરેલ, તે દરમ્યાન અરજદારે જે સર્વે નંબરમાં ખેતી વિષયક વીજ જોડાણ માંગેલ તે સર્વે નંબરના સહ ભાગીદારે વાંધો ઉઠાવેલ અને રજુઆત કરેલ કે અરજદારે ખોટું સંમતિ પત્રક રજુ કરીને અરજી નોંધાવેલ હતી.<br>નાયબ ઇજનેર શ્રી, ભાલેજ સબ ડીવીઝન ધ્વારા અરજદારને સંમતિ કરાર રજુ કરવા નોટીસ પાઠવવામાં આવેલ, પરંતું અરજદાર ધ્વારા આ નોટીસનો કોઇ પ્રત્યુત્તર આપેલ નથી. આથી અરજદારની અરજી નાયબ ઇજનેર શ્રી, ભાલેજના પત્ર નંબર. ૧૨૯૪ તા. ૦૫/૦૬/૨૦૧૪ થી રદબાતલ કરવામાં આવેલ હતી.<br>લોક દરબારમાં રજુઆત બાદ તા. ૦૯/૧૦/૨૦૧૪ ના રોજ નાયબ ઇજનેર શ્રી, ભાલેજ ધ્વારા સ્થળ મુલાકાત લેવામાં આવી હતી અને જરૂરી દસ્તાવેજી પુરાવાની પૂર્તતા કરવા અરજદારને પુરતી સમજ આપવામાં આવેલ છે. અરજદારે આશરે ૧૦ દિવસમાં સહ ભાગીદારો સાથેનો વિવાદ ઉકેલી નવી રૂપિયા. ૧૦૦/- સ્ટેમ્પ પેપર ઉપર ખેતી વિષયક વિજ જોડાણ માટેની નોટરીરાઇઝડ સંમતિ રજુ કરવા નાયબ ઇજનેર શ્રી, ભાલેજને રૂબરૂ જણાવેલ છે. સદર સંમતિ ૧૫ દિવસમાં અરજદાર આપવામાં નિષ્ફળ જાય તો અરજદારની નાણાં ભરેલ ખેતી વિષયક વિજ જોડાણ રદબાતલ ગણી દફતરે કરી અરજદારને નિયમ મુજબ અંદાજપત્રનાં નાણાં રીફંડ કરવા કાર્યવાહી કરવામાં આવશે. | આ પ્રશ્ન અગાઉથી આવેલ ન હતો. લોક દરબારના કાર્યક્રમ દરમ્યાન અરજદારે પ્રશ્ન રજુ કરેલ. |

## લોકદરબાર અંતર્ગત આવેલ પ્રશ્નોની વિગત. તા. ૦૯.૧૦.૧૪ - જી. ખેડા તા. નડિયાદ સ્થળ-નડિયાદ

| અ. નં. | વિભાગીય કચેરી | પ્રશ્નાર્થી નું નામ | સરનામું | પ્રશ્નની વિગત | પ્રત્યુતર | નોધ |
|---|---|---|---|---|---|---|
| ૧ | નડીઆદ (ગ્રામ્ય) | શ્રીસેક્શન એંજિનિયર બીજલી(પાવર), | નડીઆદ (પ.રે.)<br>મુ. નડીઆદ. | મહુધા રેલ્વે સ્ટેશનના ગ્રા.નં.૦૪૯૦૧/૦૧૨૯૧/૬ નું મિટર તથા પેટી બદલવા બાબત | અરજદારશ્રીની રજુઆત પ્રમાણે નાયબ ઈજનેરશ્રી ,મહુધા પેટા વિભાગીય કચેરી દ્વારા ગ્રા.નં. ૦૪૯૦૧/૦૧૨૯૧/૬ નું મિટર તથા પેટી બદલી નાખવામાં આવેલ છે. | |
| ૨ | નડીઆદ શહેર | શ્રી હસમુખભાઇ પટેલ, | વલ્લભનગર રોડ,<br>મુ. નડીઆદ. | નડીઆદ શહેરમાં પશ્ચિમ વિસ્તારમાં વારંવાર લાઇટ બંધ રહેવા બાબત | નડીઆદ શહેરમાં સામાન્ય રીતે શુક્રવારના દિવસે (સ્ટેગર્ડ હોલી ડે) ના દિવસે મેન્ટેનન્સના કામ માટે ફીડર બંધ કરવામાં આવે છે.ચોમાસામાં ભારે વરસાદ અને પવનના સમયે ઝાડના ડાળ તૂટીને પડવાથી લાઇન ફોલ્ટમા જવાથી વીજ વિક્ષેપ થતો હોય છે.આમ છતાં ઓછોમાં ઓછો સમય વીજ પુરવઠો બંધ રહે તેવા પ્રયાસો કરવામાં આવે છે.સદર વિસ્તાર માં હોઇ વૉલ્ટેજ હોવાની ફરિયાદ આવેલી નથી .જ્યારે હાઇ વોલ્ટેજ હોવાની ફરિયાદ આવે છે ત્યારે સબ સ્ટેશનમાં જાણ કરી સિસ્ટમ વોલ્ટેજ ઘટાડવાની કાર્યવાહી કરવામાં આવે છે. | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૩ | નડીઆદ શહેર | શ્રી ગૌરાંગ સી કાપડિયા, | ભાવસાર વાડ,<br>નડીઆદ. | ૧. શ્રીની જમીનમાં (૧)શ્રી જાયાભાઇ મોતીભાઈ તળપદા અને શ્રી લાલજીભાઇ મોતીભાઈ તળપદાને ગેરકાયદેસર વીજ જોડાણ આપવામાં આવેલ છે તે દૂર કરવા. | (૧) વીજ જોડાણ ધારકે તેઓને લખવામાં આવેલ નડીઆદ પૂર્વ પેટા વિભાગીય કચેરીના પત્ર નં.૪૦૩૭/૨૩.૦૯.૧૪ના અનુસંધાને મકાનની નડીઆદ નગરપાલિકાની વેરા પાવતીમાં કબજેદાર હોવાનો પુરાવો રજૂ કરેલ છે જેના વીજ જોડાણ ધારકના મકાન અરજદારશ્રીની માલીકીની જમીનમાં હોવાથી દૂર કરવા માટે નામદાર કોર્ટમાં આપે કાર્યવાહી કરેલ છે.આમ આ પ્રક્રિયા કોર્ટ આધીન છે. વીજળી એ આવશ્યક જરૂરિયાત હોવાથી તેમજ નિયમિત વીજ બિલની રકમ ભરપાઈ કરેલ હોવાથી વીજ જોડાણ દૂર કરી શકતા નથી તથા આપના દ્વારા રજૂ કરેલ નામદાર કોર્ટના હુકમમાં વીજ જોડાણ દૂર કરવાનો એમ.જી.વી.સી.એલ.ને કોઈ આદેશ ન હોવાથી પણ દૂર કરી શકાયેલ નથી. | |
| | | | | (૨) વધુમાં અરજદારશ્રીએ જણાવેલ કે નડીઆદ પશ્ચિમ પેટા વિભાગીય કચેરીમાં આપેલ જોડાણ (૧) જીતુભાઈ જામાભાઇ તળપદા (૨) વિજયભાઈ વાઘજીભાઇ તળપદાના વીજ જોડાણ કેવી રીતે દૂર કરેલું ? | સદર જોડાણ સરકારશ્રીની ઝૂપડપટ્ટી વીજળી કરણ યોજના હેઠળ નડીઆદ નગર પાલિકા દ્વારા યાદી રજૂ કર્યે થી તેમજ અરજદારશ્રી પાસેથી એમજીવીસીએલ દ્વારા બાંહેધરી પત્ર લઈને વીજ જોડાણ આપવા માટેની કાર્યવાહી નિયમ મુજબ કરેલ છે.પરંતુ આપે તારીખ ૨૨.03.૨૦૧3 ના રોજ જોડાણ દૂર કરવા અરજી આપેલ જેના અનુસંધાનમાં બાંહેધરી પત્રકના આધારે માલિક/ કબજેદારના કોઈ પુરાવા રજૂ કરેલ ન હોઈ સદર જોડાણ તા.૧૯.૦૬.૨૦૧3ના રોજ દૂર કરેલ છે. | |
| ૪ | નડીઆદ (ગ્રામ્ય) | સન લાઇટ ઇંડસ્ટ્રીઝ, | પ્લોટ નં.૧,,<br>સર્વે નં.૨૬૭,છઠ્ઠા માઈલ,<br>ગામ.:દંતાલી- ૩૮૭ ૩૭૦ | અરજદારશ્રીએ ૧૨૫ કેવીએ લોડ વધારાની રજૂઆત બાબત કઈંક ઘટતું કરવામાં આવે. | અરજદારશ્રીને લોક દરબાર સમયે રૂબરૂ જણાવવામાં આવેલ કે જે ફીડરમાથી વીજ જોડાણ આપવામાં આવેલ છે તે ફીડર પર વધારાનો લોડ તાંત્રિક કારણોસર આપી શકાય તેમ નથી. આમ છતા ફીડરનું વિભાજન કરવાની અને ૧૧ કેવી લાઇન અપગ્રેડ કરવાની દરખાસ્ત કરેલ છે પરંતુ નેશનલ હાઇવે ઓથોરિટી દ્વારા જરૂરી થાંભલા તેમજ લાઇન ઊભી કરવાની કામગીરી પ્રગતિમાં છે જે મળ્યેથી કામગીરી હાથ ધરવામાં આવશે. | |
| | | | | | અરજદારશ્રીને આ બાબત જિલ્લા લેવલે યોજાતી સંકલન મીટિંગમાં પણ આપના તરફથી રજૂઆત કરવા વિનંતી. નેશનલ હાઇવે ઓથોરિટી દ્વારા જરૂરી થાંભલા તેમજ લાઇન ઊભી કરવાની મંજૂરી મળતા સુધી યોગ્ય સહકાર આપવા વિનંતી. | |

## લોકદરબાર અંતર્ગત આવેલ પ્રશ્નોની વિગત. તા. ૧૦.૧૦.૧૪ - જી. પંચમહાલ તા. ગોધરા સ્થળ-ગોધરા

| અ. નં. | વિભાગીય કચેરી | પ્રશ્નાર્થીનું નામ | સરનામું | પ્રશ્નની વિગત | પ્રત્યુતર | નોંધ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ગોધરા | ભગવતી પ્રશાદ સિકલીગર તથા અન્ય. | આધ્ય મહેશ્વર સોસાયટી,<br>એસ.ટી.કોલોની પાસે,<br>ગોધરા | આધ્ય-મહેશ્વર-સોસાયટીમાં વારંવાર વીજ પુરવઠો ખોરવાઈ જવા બાબત. | સદર અજરદારે તા.૨૧.૦૭.૨૦૧૪ ના રોજ “ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ” કોર્પોરેટ ઓફિસ વડોદરા ખાતે અરજી કરેલ હતી જેના સંદર્ભમાં ક્ષેત્રીય કચેરી દ્વારા ઉપરોક્ત ફોરમમાં તા.૦૫.૦૯.૨૦૧૪ ના પત્ર થી જવાબ પાઠવેલ છે જેની નકલ અરજદારને તા.૦૮.૧૦.૨૦૧૪ના રોજ વિગતવાર જવાબ સાથે આપવામાં આવેલ છે. સદર અરજદાર ની સોસાયટીનો વીજ પુરવઠો ૧૧ કે.વી. ઓમકાર ફીડર થી આપવામાં આવેલ છે. જ્યારે કુસુમ વિવેકનગર સોસાયટી ૧૧ કે.વી. એસ.ટી. નગર ફીડર થી જોડાયેલ છે.સદર બન્ને ફીડરોની માહે અપ્રિલ થી સપ્ટેમ્બર ૨૦૧૪ સુધીના પાવર વિક્ષેપ ની વિગત પાઠવેલ છે. | |
| ૨ | ગોધરા | મુકુંદરાય કરશનદાસ સિંધવ. | ૨/૨૨ મ્યુનીસીપલ શોપિંગ સેંટર,બાવાની મઢી પાસે,<br>તળાવ રોડ, ગોધરા | આર.ટી.આઇ. અધિનિયમ-૨૦૦૫ હેઠળ માંગેલ માહિતી અધૂરી મળવા બાબત | સદર માહિતી અરજદાર દ્વારા જાહેર માહિતી અધિકારી શ્રી અને ચીફ સેક્રેટરી શ્રી, ગુજરાત રાજય ગાધીનગર પાસે થી માંગવામાં આવેલ છે, અત્રે ની કોઈ પણ કચેરીમાં ઉપરોક્ત માહિતી માટેની અરજી મળેલ ન હોવાથી માહિતી પાઠવવામાં આવેલ નથી. | |
| ૩ | ગોધરા | શૈલેશકુમાર એમ. ત્રિવેદી | કૃપાળુ ઇલેક્ટ્રીક્લ્સ, રણછોડજી મંદીર પાસે, ગોધરા. | અમારી દુકાનનું વીજ જોડાણ બીન અધિકૃત રીતે કાપી નાખવા બાબત. | સદર વીજ જોડાણ શ્રી મહેન્દ્રપ્રસાદ ગીરજાશંકર ત્રીવેદી ના નામે ગ્રાહક નંબર ૧૭૭૦૬/૦૦૧૧૭/૨ થી એન.આર.જી.પી. કેટેગરીમાં આવેલ હતું સદર વીજ જોડાણ એમ.જી.વી.સી.એલ. ના ગ્રાહક શ્રી મહેન્દ્રપ્રસાદ ગીરજાશંકર ત્રીવેદી ના પુત્ર શ્રી યતીન એમ. ત્રીવેદી ની તારીખ ૦૬.૦૧.૨૦૧૪ ની વીજ જોડાણ કાપવાની પાવર ઓફ એટર્ની સાથે ની લેખીત અરજી ના અનુસંધાનમાં વીજ જોડાણ તા.૨૫.૦૧.૨૦૧૪ ના રોજ નિયત ચાર્જ વસૂલ કરી થાંભલા ઉપરથી કાપવામાં આવેલ છે. | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૪ | ગોધરા | રાવત મોહનભાઇ સળૂભાઇ | મુ. વાસદેલીયા, પો.વડોદર, તા.મોરવા(હડફ) | મોજે.વાસદેલીયા ગામના ખેતી વિષયક વીજ જોડાણની કામગીરી પૂરી કરી આપવા બાબત | અરજદારની રજૂઆત સંદર્ભે વાસદેલીયા ગામમાં કુલ ૯ ખેતી વાડીના વીજ જોડાણોનું કામ કોન્ટ્રાક્ટર શ્રી કે.જી. રાઠોડને સોપવામાં આવેલું હતું, જેમાં થાંભલા ઉભા કરવાની કાર્યવાહી પૂર્ણ થયેલ છે. અને અડધું માટીરીયલ કોન્ટ્રાક્ટરને આપવામાં આવેલ હતું. સદર કોન્ટ્રાક્ટર દ્વારા કામ અધૂરું મૂકવામાં આવેલ છે. જેથી સદર કોન્ટ્રાક્ટરને ક્ષેત્રીય કચેરી તેમ જ વિભાગીય કચેરી દ્વારા સદર બાબતે નોટીસ આપવામાં આવેલ છે અને હાલ ઉપરોક્ત કામ બીજા કોન્ટ્રાકટરને સોપવાનું નક્કી થયેલ છે જે કામ અંદાજીત ૩૦ દિવસ ની સમય મર્યાદામાં પૂર્ણ કરવામાં આવશે. | |
| ૫ | ગોધરા | સાદીક હુસેન શેખ | ક્રિષ્ના સિનેમા રોડ, કુબા મસ્જિદ પાસે, ગોધરા | વીજબીલમાં ગેર-કાયદેસર રીતે નાણાં ચઢાવી દેવા બાબત. | સદર અરજદારશ્રી સાદીક હુસૈન શેખ ગ્રાહક ન.૦૧૦૦૧/૫૧૮૪૮/૧ થી ધરાવે છે. અને જે મીટર ગ્રાહકની તા.૦૭.૦૭.૨૦૧૪ રોજ ની અરજીના અનુસંધાને બદલવામાં આવેલ છે. સદર ગ્રાહકને બીલ સામે વાંધો હોય,સદર મીટર ની ટેસ્ટીંગ માટે ફી ભરવા માટે જણાવેલ છે. જેથી જરૂરી ટેસ્ટીંગ ફી ભરપાઇ થયા બાદ સદર મીટરની લેબ ચકાસણી થયા બાદ એમ.જી.વી.સી.એલ. ના નિયમ પ્રમાણે કાર્યવાહી કરવામાં આવશે. | |
| ૬ | ગોધરા | મેહબુબભાઈ (સામાજીક કાર્યકર) | સિગ્નલ ફળીયા, શિકારી ચાલ, ડાકોર રોડ, ગોધરા | ફકત આઈ.ડી. પ્રૂફ અને સ્ટેમ્પના આધારે નવીન વીજ-જોડાણો આપવા અંગેની રજૂઆત | સરકારશ્રી દ્વારા નક્કી કરવામાં આવેલ ધારા-ધોરણ પ્રમાણેના દસ્તાવેજી પુરાવા વીજ જોડાણ મેળવવા માટે આવશ્યક છે. જે મળ્યેથી વીજ જોડાણ આપવામાં આવે છે. | |
| ૭ | ગોધરા | હમીરભાઈ દળસુખભાઈ રાવત તથા અન્ય | વાંસદેલીયા, તા. મોરવા (હ) | વાંસદેલીયા ગામમાં થ્રી ફેઝ વોટર વર્કસ ના વીજ જોડાણની ડી.પી. કોતરમાંથી બદલી અન્ય જ્ગ્યા ઉપર મૂકવા તથા ઢીલા વાયર ખેંચી આપવા બાબત | સદર અરજદાર દ્વારા કરેલ રજૂઆત મુજબ ઢીલા વાયર અઠવાડીયા સુધીમાં જરૂરી કામગીરી કરી પ્રશ્ન દૂર કરવામાં આવશે. અને બાકીની કામગીરી જરૂરી મોજણી કાર્ય કરી જરૂરી મંજૂરી મેળવી કામગીરી પૂર્ણ કરવામાં આવશે. | |
| ૮ | ગોધરા | ઇરફાનભાઈ હુસેનભાઇ આલમ | મુ. રણછોડપુરા, તા. ગોધરા | ખેતરમાં વીજ કનેક્શન લેવા માટે | ખેતી વિષયક જમીનમાં ખેતીવાડી ફિડર પરથી ૩ કિ.વોટ સુધીની મર્યાદામાં અને રૂા. એક લાખ સુધીની અંદાજપત્રની રકમ જરૂરત પ્રમાણે ભરપાઇ કર્યેથી વીજ જોડાણ આપવામાં આવે છે. | |
| ૯ | ગોધરા | શ્રી કે.એચ. કુમાર | અબ્રાહમ પટેલના મુવાડા, ગોધરા. | ખેતીવાડીમાં નિયમીત વીજ પુરવઠો મળવા અંગે અને સમયસર વીજ- બીલ ન મળવા અંગે. | સદર અરજદાર દ્વારા તેમના ખેતીવાડી વીજ જોડાણમાં વીજપુરવઠો વારંવાર ખોરવાય છે. તેમજ ખેતીવાડી ના બીલ સમયસર મળતા નથી. સદર અરજદાર દનું વીજજોડાણ ગોધરા ગ્રામ્ય વિસ્તારના કાર્યક્ષેત્ર હેઠળ આવતા ૧૧ કે.વી ગોવિંદી એજીડોમ ફીડરથી વીજ પુરવઠો મળે છે સદર અરજદાર ની ગોધરા પશ્ચિમ પેટા વિભાગીય આવતી એચટી/એલટી લાઇનનું કામ સમારકામ ઓક્ટોમ્બર ૨૦૧૪ ના અંત સુધીમાં પૂરું કરવામાં આવશે. અને વીજ બીલ નિયમિત આપવામાં આવે છે છતાં સલગ્ન કર્મચારીને સદર બાબતે ધ્યાન આપવા સૂચના આપવામાં આવે છે. | |

## લોકદરબાર અંતર્ગત આવેલ પ્રશ્નોની વિગત. તા. ૧૪.૧૦.૧૪ - જી. વડોદરા તા. સાવલી સ્થળ-સાવલી

| અ. નં. | વિભાગીય કચેરી | પ્રશ્નાર્થીનું નામ | સરનામું | પ્રશ્નની વિગત | પ્રત્યુતર | નોંધ |
|---|---|---|---|---|---|---|
| ૧ | વડોદરા | માન. ધારાસભ્યશ્રી કેતનભાઈ ઈનામદાર | સાવલી | સાવલી તાલુકાનાં સાંઢાસાલ ગામે નવીન સબ સ્ટેશન ફાળવવા બાબત. | સાવલી તાલુકાનાં સાંઢાસાલ ગામે નવીન સબ સ્ટેશન ફાળવવા માટેની દરખાસ્તની ચકાસણી તેમજ સબ સ્ટેશનની જમીન સંપાદન માટેની કાર્યવાહી અને તાંત્રિક રીતે યોગ્યતા ચકાસીને જેટકો કંપની દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવશે. | |
| ૨ | વડોદરા | માન. ધારાસભ્યશ્રી કેતનભાઈ ઈનામદાર | સાવલી | ખેતરમાં રહેતા ખેડૂતોને 'બી' ટાઈપ વીજળી જોડાણો આપવામાં આવતા નથી તો 'બી' ટાઈપના નવીન વીજળી કનેકશનો કેટલા સમયમાં આપી શકાય તેમ છે ? | ખેતી વિષયક જમીનમાં ખેતીવાડી ફિડર પરથી ૩ કિ.વોટ સુધીની મર્યાદામાં અને રૂા. એક લાખ સુધીની અંદાજપત્રની રકમ જરૂરત પ્રમાણે ભરપાઇ કર્યેથી વીજ જોડાણ આપવામાં આવે છે. | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૩ | વડોદરા | માન. ધારાસભ્યશ્રી કેતનભાઈ ઈનામદાર | સાવલી | ખેડૂતોને હાલમાં ખેતરોમાં વીજળી સવારના ૧૦.૦૦ કલાકે આપવામાં આવે છે જેના બદલે સવારના ૬.૦૦ કલાકે વીજળી આપવામાં આવે તો બપોર બાદ તમાકુની રોપણી કરી શકે અને રાત્રે ૧૦.૦૦ કલાકે વીજળી આપવામાં આવે છે જેના બદલે સવારે ૭.૦૦ કલાકે વીજળી આપવામાં આવે તેવી માંગણી છે. | કંપનીના પ્રવર્તમાન સમય સારણી અનુસાર ખેતી વિષયક ફીડર ઉપર નીચે જણાવ્યા મુજબ ગ્રૂપ મુજબ થ્રી- ફેઈઝ પાવર સપ્લાય આપવામાં આવે છે.<br>**ગ્રૂપ થ્રી ફેઇઝ પાવર સપ્લાય**<br>બીડી-૧ : ૦૯-૧૫ થી ૧૭-૧૫<br>બીડી-૨ : ૨૧-૧૫ થી ૦૫-૧૫<br>બીડી-૩ : ૦૬-૧૫ થી ૧૪-૧૫<br>બીડી-૪ : ૨૨-૧૫ થી ૦૬-૧૫<br>બીડી-૫ : ૧૦-૧૫ થી ૧૮-૧૫<br>બીડી-૬ : ૨૩-૧૫ થી ૦૭-૧૫ | |
| ૪ | વડોદરા | માન. ધારાસભ્યશ્રી કેતનભાઈ ઈનામદાર | સાવલી | આદિવાસી નગરીઓમાં વીજળી જોડાણ આપવામાં આવતા નથી કયા કારણોસર નવીન વીજ જોડાણો આપવામાં આવતા નથી અને કેટલા સમયમાં આપવામાં આવશે. | આદિવાસી નગરીઓમાં વીજળી જોડાણ આપવામાં માટેની કોઈપણ અરજી સાવલી પેટા વિભાગીય કચેરીમાં પડતર નથી છતાં પણ કોઈપણ આદીવાસી નગરીના વીજ જોડાણ માટે ઝૂપડપટ્ટી યોજના અંતર્ગત તાલુકા વિકાસ અધિકારી દ્વારા જે તે પેટા વિભાગીય કચેરીને લાભાર્થીઓની યાદી આપવામાં આવે તો નિયમાનુસાર ઝૂપડપટ્ટી વીજળીકરણ યોજના હેઠળ તેઓને આવરી શકાય. | |
| ૫ | વડોદરા | માન. ધારાસભ્યશ્રી કેતનભાઈ ઈનામદાર | સાવલી | ડેસર સબ ડીવીઝન ખાતે અગાઉ ૬૦૦૦ કનેકશન હતા ત્યારે ૧૦ (દસ) કર્મચારી હતા અને હાલમાં મારી જાણ મુજબ ૧૬૦૦૦ કનેકશન છે તો પણ માત્ર ૧૦ (દસ) જ કર્મચારીઓ છે જે ને લઈને વીજળીની ફરિયાદનો તત્કાળ નિકાલ થતો નથી તો કર્મચારીની વ્યવસ્થા કરવી. | પેટા-વિભાગીય કચેરીની આવક અને કાર્યભાર પ્રમાણે હાલ સ્ટાફ પર્યાપ્ત છે. | |
| ૬ | વડોદરા | માન. ધારાસભ્યશ્રી કેતનભાઈ ઈનામદાર | સાવલી | મોજે: ગોઠડા તા: સાવલી જી. વડોદરા ગ્રામ પંચાયત વારી ગૃહ માટે બક્ષીસ લેખેથી ટ્યુબવેલ લીધેલ તેની ઉપર ૨૪ કલાકનું થ્રી ફેઈઝ વીજળી જોડાણ આપવા બાબત. | મોજે: ગોઠડા, તા: સાવલી, જી.: વડોદરા ગ્રામ પંચાયતના વારી ગૃહ માટે બક્ષીસ લેખેથી ટ્યૂબવેલ લીધેલ તેની ઉપર ૨૪ કલાકનું વીજળી જોડાણ જયોતી ગ્રામ ફીડર પરથી મળવા બાબતની રજૂઆત કરેલ છે. હાલના પ્રવર્તમાન નિયમ મુજબ જો વારી ગૃહ વીજ જોડાણ જો ગામતળની બહાર ખેતીવાડીની જમીનમાં માંગવામાં આવે તો ખેતીવાડી ફીડર પરથી આપવું તેમ નક્કી થયેલ છે. | |

## લોકદરબાર અંતર્ગત આવેલ પ્રશ્નોની વિગત. તા. ૧૫.૧૦.૧૪ - જી. આણંદ તા. પેટલાદ સ્થળ-પેટલાદ

| અ. નં. | વિભાગીય કચેરી | પ્રશ્નાર્થીનું નામ | સરનામું | પ્રશ્નની વિગત | પ્રત્યુતર | નોંધ |
|---|---|---|---|---|---|---|
| ૧ | પેટલાદ | શ્રી સુનિલકુમાર નટુભાઇ દલવાડી, | ગામ. શિહોલ<br>તા. પેટલાદ જી. આણંદ | લોક દરમ્યાન કાર્યક્રમમાં ન્યાય આપવા બાબત. | આપે લોક દરબાર અંતર્ગત વાણિજય વપરાશ માટેના વિજ કનેકશન બાબતની તા. ૧૦/૧૦/૨૦૧૪ ના રોજ લેખિત રજુઆત મ.ગુ.વી.કં.લી. આણંદ વર્તુળ કચેરીએ કરેલ છે. સદર રજુઆતના અનુસંધાનમાં આપને જણાવવાનું કે, આપનું ગામ શિહોલ તાલુકો પેટલાદ જિ. આણંદ મ.ગુ.વી.કં.લી.ના પેટલાદ (ગ્રામ્ય) પેટા વિભાગીય કચેરીના કાર્યક્ષેત્ર હેઠળ આવે છે. નાયબ ઇજનેર શ્રી, પેટલાદ (ગ્રામ્ય) પેટા વિભાગ તરફથી પુરી પાડવામાં આવેલ માહિતી મુજબ તા. ૦૯/૦૭/૨૦૧૪ ના રોજ આપના ધ્વારા રૂપિયા. ૪૦૦/- નોંધણી ફી ભરી ૭ કીલોવોટનું થ્રી ફેઈઝ ઔધોગિક વિજ જોડાણ માટેની અરજી મિલકત નંબર. ૧૮૨૬ માં મોજે ગામ શિહોલ માટે નોંધણી કરાવેલ. સદર અરજીનું સ્થળ સર્વેક્ષણ કરતાં આપની માંગણીવાળી જગ્યા ખેતી લાયક હોવાથી આપને નિયમ મુજબ ખેતીલાયક જમીનમાં ઔધોગિક વિજ જોડાણ આપી શકાય તેમ ન હોય આપની અરજી રદબાતલ ગણી દફતરે કરવામાં આવેલ છે. સદર બાબતની લેખિત જાણ નાયબ ઇજનેર શ્રી, પેટલાદ (ગ્રામ્ય) પેટા વિભાગ તરફથી પત્ર નંબર. પીટીડી(રૂ) /૫૩૯૫ તા. ૦૪/૦૮/૨૦૧૪ થી કરવામાં આવેલ છે. સદર પત્રમાં જણાવ્યા મુજબ આપે સદર જગ્યા સક્ષમ અધિકારીશ્રીની બિન ખેતીની ઔધોગિક હેતુ માટેની પરવાનગી મેળવીને બિન ખેતી પ્રમાણપત્ર સાથે નવેસરથી ઔધોગિક વિજ જોડાણ માટેની અરજી નોંધણી કરાવવાની રહેશે. | પ્રશ્ન અગાઉથી આવેલ છે અને અરજદારશ્રી હાજર રહેલ છે. |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૨ | પેટલાદ | હરિલાલ ડાહ્યાભાઇ જોષી, | જોષી ફળીયું, મુ. વટાવ તા. પેટલાદ જી. આણંદ | પૂરતો વિજ પ્રવાહ નહીં મળવા બાબત. | સદર ગ્રાહકના ફળિયાની હળવા વીજ દબાણની લાઇનનો જૂનો કેબલ બદલી નવો વધારે ક્ષમતાનો કેબલ તા. ૧૧.૧૦.૧૪ ના રોજ નાંખવામાં આવેલ છે. ત્યારબાદ ગ્રાહકને ૨૨૮ વોલ્ટેજથી ૨૩૬ વોલ્ટેજ મળે છે. આમ લો-વોલ્ટેજની ફરિયાદ દૂર કરેલ છે. | પ્રશ્ન અગાઉથી આવેલ છે અને અરજદારશ્રી હાજર રહેલ છે. |
| ૩ | પેટલાદ | રવિનાબેન ત્રિકમભાઇ સવાભાઇ ડાભી, | મુ. ફાંગણી, વણકરવાસ, ઇન્દિરા કોલોની, તા. પેટલાદ જી. આણંદ | ફાગણી ગામના મિલ્કત નં. ૮૩૮ માં વીજ જોડાણ આપવા બાબત. | ફાગણી ગામમાં મિલ્કત નં. ૮૩૮ માં સદર જગ્યાએ શ્રી ત્રિકમભાઇ સવાભાઇ વણકરના નામે હાલમાં વીજ જોડાણ ચાલુ છે. જેનો ગ્રાહક નં. ૦૯૪૦૫/૦૦૫૦૬/૫ છે. આમ, કંપનીના પ્રવર્તમાન નિયમ મુજબ એક જ મિલ્કતમાં એક જ હેતુ માટે બે વીજ જોડાણ આપી શકાય નહીં. વધુમાં જણાવવાનું કે રજૂઆત કર.લ જગ્યા ઇન્દિરા નગરી મોજે ગામ ફાગણીમાં વીજ જોડાણની જરૂર હોય તો તે જગ્યાની આકારણી પત્રક તથા જરૂરી દસ્તાવેજો સાથે નિયત એ-૧ ફોર્મ ભરી નવેસરથી પેટલાદ(ગ્રામ્ય) પેટા-વિભાગમાં અરજી કર્યેથી નવિન વીજ જોડાણ આપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. | પ્રશ્ન અગાઉથી આવેલ છે અને અરજદારશ્રી હાજર રહેલ છે. |
| ૪ | પેટલાદ | ઇશ્વરભાઇ ડી. સોલંકી, | ગામ-હરિયાણ, પોસ્ટ-સાયમા, તા. ખંભાત<br>જી. આણંદ | ડીશ એન્ટેનાના વાયર દૂર કરવા બાબત. | સદર ફરિયાદના અનુસંધાને વીજ કંપની દ્વારા સાયમા થી હરિયાણા રોડ ઉપરના પોલ પરથી ડીશ એન્ટેનાના વાયર દૂર કરવામાં આવેલ છે. તેમજ ડીશ એન્ટેનાના ઓપરેટરને નોટિસ પાઠવવામાં આવેલ છે. | પ્રશ્ન અગાઉથી આવેલ છે અને અરજદારશ્રી હાજર રહેલ છે. |
| ૫ | પેટલાદ | ગણપતભાઇ જલુભાઇ સોલંકી, | મુ. જેઠવાપુરા, પો. બાંધણી, તા.પેટલાદ જી. આણંદ | વાણિજ્ય વીજ કનેકશન આપવા બાબત. | ખેતી વિષયક જમીનમાં ખેતીવાડી ફિડર પરથી ૩ કિ.વોટ સુધીની મર્યાદામાં અને રૂા. એક લાખ સુધીની અંદાજપત્રની રકમ જરૂરત પ્રમાણે ભરપાઇ કર્યેથી વીજ જોડાણ આપવામાં આવે છે. વાણિજ્ય હેતુ માટે કે ધંધાકિય હેતુ માટે જમીન બીનખેતી પ્રમાણિત હોવી જરૂરી છે. | પ્રશ્ન અગાઉથી આવેલ છે અને અરજદારશ્રી હાજર રહેલ છે. |
| ૬ | પેટલાદ | નટુભાઇ ડાહ્યાભાઇ ગોહેલ, | સુણાવ, પી.કે. ખરી પાછળ, તા. પેટલાદ જી. આણંદ | ખેતરમાં ઘર માટેનું વીજ કનેકશન એસ્ટીમેટના નાણાં ભરવા છતાં ન આપવા બાબતની લોક દરબારમા; રજુઆત. | આપે લોક દરબાર અંતર્ગત ખેતરમાં ઘર વપરાશ માટેના વિજ કનેકશન બાબતની તા. ૦૮/૧૦/૨૦૧૪ ના રોજ લેખિત રજુઆત મ.ગુ.વી.કં.લી. આણંદ વર્તુળ કચેરીએ કરેલ છે. સદર રજુઆતના અનુસંધાનમાં આપને જણાવવાનું કે, આપનું ગામ સુણાવ તાલુકો પેટલાદ જિ. આણંદ મ.ગુ.વી.કં.લી.ના સોજીત્રા પેટા વિભાગીય કચેરીના કાર્યક્ષેત્ર હેઠળ આવે છે. નાયબ ઇજનેર શ્રી, સોજીત્રા પેટા વિભાગ તરફથી પુરી પાડવામાં આવેલ માહિતી મુજબ આપે તા. ૧૭/૦૯/૨૦13 ના રોજ ખેતી વિષયક સર્વે નંબર. ૮૩/૨ ના મિલકત નંબર. ૨/૩૧૦ મોજે ગામ સુણાવમાં ૦.૫ કીલોવોટ વિજભારના સીંગલ ફેઈઝ ઘર વપરાશના વિજ જોડાણ માટેની અરજી સોજીત્રા પેટા વિભાગીય કચેરી ખાતે નોંધાવેલ હતી. જેનું અંદાજપત્ર તા. ૧૨/૧૧/૨૦13 ના રોજ પાઠવવામાં આવેલ. જેના નાણાં આપે તા. ૧૨/૧૧/૨૦13 ના રોજ ભરપાઇ કરેલ છે. સદર વિજ જોડાણ માટે ૦.૧૫૫ કીલોમીટર સીંગલ ફેઈઝ બે વાયરની હળવા દબાણની લાઇન ઉભી કરવાની હોવાથી સદર વિજ જોડાણ બી કેટેગરી હેઠળ નોંધાયેલ. સદર વિજ જોડાણ માટેની લાઇન ઉભી કરવાની કામગીરી બાકી હતી તે સમયમાં તા. ૦૬/૧૨/૨૦13 ના રોજ મ.ગુ.વી.કં.લી. પરિપત્ર નંબર. ૨૫ ની માર્ગદર્શિકા અમલમાં આવેલ અને સદર મુજબ આપનું વિજ જોડાણ આપવા પાત્ર થતું ન હોય આપને વિજ જોડાણ આપી શકાયેલ નથી. આપના તરફથી ભરપાઇ કરવામાં આવેલ અંદાજપત્રના નાણાં રીફંડ લેવા માટે આપે અંદાજપત્રના નાણાં ભરપાઇ કર્યાની અસલ પહોંચ સાથે રીફંડની અરજી સોજીત્રા પેટા વિભાગ ખાતે કરશો. જેથી આપના નિયમ મુજબ રીફંડને પાત્ર નાણાં રીફંડ કરવા માટે કાર્યવાહી કરી શકાય.<br><br>તા. ૧૫/૧૦/૨૦૧૪ ના રોજ યોજાયેલ લોક દરબારમાં મુખ્ય ઇજનેર શ્રી ધ્વારા આપેલ સુચના મુજબ જે તે સમયે અરજદારને જેજીવાય ફીડર પરથી સર્વે કરેલ હતું. સદર સ્થળનું ફરીથી સર્વે કરતાં હયાત ખેતીવાડી ફીડરની એલટી લાઇનમાંથી ૨૨૫ મીટર નવિન લાઇન ઉભી કરવી પડે તેમ છે. જે માટેનું રૂપિયા. ૪૦૦૯૮/- નું અંદાજપત્ર તા. ૧૭/૧૦/૨૦૧૪ ના રોજ અરજદારને પાઠવવામાં આવેલ છે. આ અંદાજપત્ર ભરપાઇ થયેથી અરજદારને વિજ જોડાણ આપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. | પ્રશ્ન અગાઉથી આવેલ છે અને અરજદારશ્રી હાજર રહેલ છે. |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૭ | પેટલાદ | શ્રી નગીનભાઇ પટેલ, | શ્રી પાળજ લોક સેવા સમિતિ,<br>મુ.પો. પાળજ – ૩૮૮ ૪૬૫.<br>તા. પેટલાદ જી. આણંદ | પાળજ ગામના વિજળીના પ્રશ્નો લોક દરબારમાં લેવા બાબત. | તા. ૧૫/૧૦/૨૦૧૪ ના રોજ યોજાયેલ લોક દરબારમાં મુખ્ય ઇજનેર શ્રી ધ્વારા આપેલ સુચના મુજબ નાયબ ઇજનેર પેટલાદ (ગ્રામ્ય) ને તા. ૧૭/૧૦/૨૦૧૪ ના રોજ રૂબરૂ સર્વે માટે મોકલેલ. જેમાં નાયબ ઇજનેર પેટલાદ (ગ્રામ્ય) તેમજ અરજદારને સાથે રાખી રૂબરૂ સ્થળ સર્વે કરેલ છે. જેમાં | પ્રશ્ન અગાઉથી આવેલ છે અને અરજદારશ્રી હાજર રહેલ છે. |
| | | | | | 1. પાળજ ગામના ખવાઇ ગયેલા લોખંડના પોલની જગ્યાએ ૩૨ નંગ નવિન સિમેન્ટ પોલ ઉભા કરેલ છે તેમજ ૩૦ નંગ પોલ લાંબા ગાળા હોય ત્યાં ઉભા કરેલ છે. આ ઉપરાંત તેઓના ધ્વારા રૂબરૂમાં છ અન્ય પોલ બદલવા માટે બતાવેલ. જેમાંથી ચાર પોલ માટે સ્થાનિકો ધ્વારા હાલના જુના પોલને બદલવા માટે વિરોધ કરેલ તેમજ આ પોલ સારી હાલતમાં હોઇ હાલ કોઇ બદલવાની જરૂરીયાત નથી. આમ નાયબ ઇજનેર પેટલાદ (ગ્રામ્ય) ધ્વારા અરજદાર સાથે રૂબરૂ ચર્ચા થયા મુજબ હાલ ૩૨ નંગ પોલ ઉભા કરેલ છે. તેનું કામ સત્વરે પૂર્ણ કરવામાં આવશે. | |
| | | | | | 2. પાળજ ગામની હાઇસ્કુલના કંમ્પાઉન્ડમાંથી ફકત એક જ પોલ બહાર કાઢવાની જરૂરિયાત છે. જે કામગીરી સત્વરે પૂર્ણ કરવામાં આવશે. | |
| | | | | | 3. પાળજ ગામના બસ સ્ટેન્ડની પાછળના ટ્રાન્સફોર્મર સેન્ટરમાંથી નીકળતી વહાણવટી માતાજીના મંદિર તરફ જતી હળવા દબાણની લાઇનનું રૂબરૂ સ્થળ સર્વેક્ષણ કરતાં પ્રથમ ત્રણ ઓપન કંડકટરને બદલે એબીસી નાખવાની કામગીરી સત્વરે પૂર્ણ કરવામાં આવશે. | |
| | | | | | 4. મોતીમાલાના વિસ્તારમાં આવેલ ૫ કેવીએ ટ્રાન્સફોર્મર સેન્ટરમાં એક જ બાજુએ એલટી લાઇનનો સીંગલ ફેઈઝ લોડ આવેલ હોય અને સમય જતાં વિજભાર વધી જતાં નજીકમાં આવેલ વોટર વર્કસ વાળા ટ્રાન્સફોર્મર સેન્ટરમાં તાંત્રિક રીતે શકય હોય સદર આશરે ૨૨ જેટલા વિજ જોડાણો ફેરવવામાં આવેલ છે અને ૫ કેવીએ નું ટ્રાન્સફોર્મરની હવે જરૂરીયાત ન રહેતા બદલવામાં આવેલ નથી. | |
| | | | | | 5. પાળજ ગામના બદા વિસ્તારમાં હાલ ૧૧ કેવી આશાપુરી ખેતી વિષયક ફીડર પરથી સ્પેશીયલ ડીઝાઇન ટ્રાન્સફોર્મર ધ્વારા ૨૪ કલાક સીંગલ ફેઈઝ વીજ પુરવઠો પુરો પાડવામાં આવે છે. | |
| | | | | | 6. પાળજ ગામના રામપુરા તથા વહાણવટી પુરાના ૧૧ કેવી આશાપુરી ખેતી વિષયક ફીડરના ટેપીંગ ડીઓ ફયુઝ કાળી તલાવડી લોકેશન નંબર. એએસપી/૧૮૫ ઉપર છે, જે નજીકના લોકેશન નંબર. એએસપી/૨૨૧ ઉપર ટેપીંગ ડીઓનું સ્થળ ફેરફાર કરવું તાંત્રિક રીતે શકય છે. તેનું કામ સત્વરે પૂર્ણ કરવામાં આવશે. | |
| | | | | | 7. પાળજ ગામના હોળી ચકલા વિસ્તારમાં લો વોલ્ટેજ માટે હયાત ટ્રાન્સફોર્મર સેન્ટરથી ૩૫૦ મીટર નવિન એબીસી ખેચી અલગ સર્કીટ બનાવી વીજ પુરવઠો આપતા ફરીયાદનો નિરાકરણ થઇ શકશે. તેનું કામ સત્વરે પૂર્ણ કરવામાં આવશે. | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૮ | બોરસદ | શ્રી કાન્તીભાઇ પરસોત્તમભાઇ પટેલ, | પ્રમુખ શ્રી, ભારતીય કીસાન સંઘ આણંદ જિલ્લા, મુ.પો. રાસ તા. બોરસદ જી. આણંદ | લોક દરબાર કાર્યક્રમ વિજ કંપની ધ્વારા થયેલ નુકશાનીના વળતર બાબત. | ગ્રાહકના ખેતર પાસે આવેલ સર્વે નંબર. ૫૩૯/૪ માંથી મ.ગુ.વી.કં.લિ. ની પસાર થતી એલ.ટી. લાઇનમાં તા. ૧૩/૦૨/૨૦૧૪ ગુરૂવારના રોજ બપોરના આશરે ૦૩:૫૫ કલાકે પવનના સુસવાટાથી વીજ વાયર ભેગા થવાથી તણખા ઝરવાથી ખેતરમાં રાખેલ ડાંગરના પુળાની ગંજીમાં આગ લાગવાથી આર્થિક નુકસાન થયેલ છે તેવી જાણ આપે તા. ૧૪/૦૨/૨૦૧૪ લેખિત અરજીથી પેટા વિભાગીય કચેરી રાસને કરેલ હતી. તેના અનુસંધાનમાં પોલીસ સ્ટેશન, વિરસદ ધ્વારા જાણવાજોગ એન્ટ્રી નંબર. ૬/૨૦૧૪ ધ્વારા રૂપિયા. ૪૫૦૦૦/- નું નુકસાન થયેલ છે તેવી જાણ થયેલ હતી. જે બાબતે સ્થળ તપાસ કરી સ્થળનો નકશો નજરે જોનારનું નિવેદન, આપનું નિવેદન લીધેલ હતું. આ પછી વિધુત નિરીક્ષક શ્રી, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, નડીઆદને પેટા વિભાગીય કચેરી, રાસના પત્ર નંબર. ૭૫૬ તા. ૧૭/૦૨/૨૦૧૪ થી સદર બનાવની જાણ કરેલ હતી. સદર બનાવ બાબતે તેમના તરફથી આજ સુધી કોઇ પ્રત્યુત્તર મળેલ નથી. તદ્દઉપરાંત વળતરના દાવા માટે પેટા વિભાગીય કચેરી રાસની પ્રપોઝલ પત્ર નંબર. રાસ/ટેક/૧૨૮૩ તા. ૨૪/૦૩/૨૦૧૪ ના રોજ યુનાઇટેડ ઇન્ડિયા ઇન્સ્યોરસ કંપની લીમીટેડ વડોદરાને રૂબરૂ પહોંચાડેલ છે અને આજ દિન સુધી વીમા કંપની તરફથી કરવામાં આવેલ કોઇ કાર્યવાહીની જાણ કરેલ નથી. નુકસાનીના વળતર માટે વકીલ મારફતે લીગલ નોટીસ કંપનીને મોકલી આપવી. જે આપના તરફથી મળ્યેથી યુનાઇટેડ ઇન્ડિયા ઇન્સ્યોરનસ કંપની લીમીટેડ મોકલી આપવામાં આવશે. ત્યારબાદ વિમા કંપની ધ્વારા નિયમોનુસાર આપને નુકસાનીના વળતરની રકમ ચુકવવા કાર્યવાહી હાથ ધરવામાં આવશે. | પ્રશ્ન અગાઉથી આવેલ છે અને અરજદારશ્રી હાજર રહેલ છે. |

## લોકદરબાર અંતર્ગત આવેલ પ્રશ્નોની વિગત. તા. ૧૬.૧૦.૧૪ - જી. મહિસાગર તા. લુણાવાડા સ્થળ-લુણાવાડા

| અ. નં. | વિભાગીય કચેરી | પ્રશ્નાર્થીનું નામ | સરનામું | પ્રશ્નની વિગત | પ્રત્યુતર | નોંધ |
|---|---|---|---|---|---|---|
| ૧ | લુણાવાડા | કડાણા ગામના વીજ ગ્રાહકો | ગામ-કડાણા | કડાણા ગામના બજારથી બ્રાહ્મણવાડા તરફની સિંગલ વિજ લાઈનમાં થ્રીફેજ લાઇન નાખવા બાબત. | કડાણા ગામમાં વીજ લાઇનના વૉલ્ટેજનો પ્રશ્ન હલ કરવા માટે તા.૨૮.૧.૨૦૧૪ ના રોજ તાંત્રિક મંજૂરી મેળવેલ છે. અને જેનો ખર્ચ રૂપિયા ૨,૧૪,૯૩૬/- જેટલો થાય છે. તે કામગીરી સત્વરે પૂર્ણ કરવામાં આવશે. | |
| ૨ | લુણાવાડા | શ્રી વાગડિયા રમેશભાઈ ભૂરાભાઈ | ગામ-રોયણીયા | વીજચોરી કર્યા વગર વીજચોરીનો કેસ કરવા બાબત. | વીજ કંપનીના નિયમો અનુસાર તારીખ-૧૬.૫.૨૦૧૪ ના રોજ વીજ કનેક્શન તપાસણી દરમ્યાન વીજચોરી માલૂમ પડેલ છે જેથી જે તે તપાસણી અધિકારીએ સ્થળ ચકાસણી કરી ગ્રાહકના પ્રતિનિધિની હાજરીમાં ચેકિંગ શીટ ભરેલ છે. અને તેનું વીજ ચોરીનું બિલ આપવામાં આવેલ અને જે ભરપાઈ ન થતાં પોલીસ ફરિયાદ નોધવવામાં આવેલ છે જેનો કેસ હાલ પડતર છે. તેનું નિરાકરણ આવતા આગળની કાર્યવાહી કરવામાં આવશે. | |
| ૩ | લુણાવાડા | શ્રી પાંડોર ભીખાભાઇ રણછોડભાઈ | ગામ- મંકોડિયા | શ્રી. પાંડોર ભીખાભાઇ રણછોડભાઈના ખેતીવાડી વિજજોડાણમાં પૂરતો વીજ પુરવઠો ન મળવા બાબત. | લોક દરબાર અન્વયે તારીખ ૧૦.૧૦.૨૦૧૪ ના રોજ અરજદારશ્રી પાંડોર ભીખાભાઇ રણછોડભાઈ ગ્રાહક નંબર-૦૯૬૩૬/૧૦૦૯/૪ છે. તેઓની અરજીના આધારે પેટા વિભાગીય કચેરી દ્વારા તપાસ કરતાં ૧૦૦ કેવીના ટ્રાન્સફોર્મર ઉપર ૪.૩ કી.મી જેટલી લાંબી એલટી આવેલ છે. અને સદર ટ્રાન્સફોર્મર ઉપર ૧૮ કનેક્શન તથા ૭૦ એચપી જેટલો વિજભાર હોઇ સદર ટ્રાન્સફોરમરની આજુબાજુના વિસ્તારમાં ખેતીવાડીના નવા જોડણો માટે ઊભા કરાયેલ ૬(છ) ટ્રાન્સફોરમરો ઉપર તેમની ક્ષમતા વધારી તથા નવા ૨(બે) ટ્રાન્સફોર્મર ઊભા કરી ૧૦૦ કેવીના ટ્રાન્સફોર્મર ઉપરનો લોડ અન્ય ટ્રાન્સફોરમરો ઉપર વિભાજિત કરેલ છે. તથા ૧૦૦ કેવીએના ટ્રાન્સફોર્મરની કેપેસિટી ઘટાડી તેને પણ ૨૫ કેવીએનું કરવામાં આવેલ છે અને તેના પર ૩૫૦ મીટર જેટલી હળવા દબાણની લાઇન ઉપર ૪ કનેક્શન રહેશે તે રીતે લોડ વિભાજિત કરી લો વોલટેજનો પ્રશ્ન હલ કરવા માટેની સર્વેની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. જે ટૂંક સમયમાં દરખાસ્ત મોકલી તાંત્રિક મંજૂરી મેળવી કામગીરી પૂર્ણ કરવામાં આવશે. | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૪ | લુણાવાડા | શ્રી ચૌહાણ જયદીપસિંહ કાળુસિંહ | ગામ-કડાણા | ગ્રાહક નંબર ૦૯૬૪૧/૦૦૪૪૮/૪ એનઆરજીપી નંબરનું કનેક્શન વગર ખોટું બિલ આપવા બાબત. | અરજદારની અરજીના આધારે પેટા વિભાગીય કચેરીમાં તપાસ કરતાં અરજદાર દ્વારા તારીખ-૨૯.૪.૨૦૦૬ ના રોજ તેમને કનેક્શન મળેલ છે તેમજ તેમના દ્વારા પહોચ નંબર-૭૪૩૨૯૩/૨૩.૩.૨૦૦૬ મુજબ સર્વિસ કનેક્શન ચાર્જ રૂપિયા ૭૨૫/- તથા પહોચ નંબર ૭૪૩૨૯૪/૨૩.૩.૨૦૦૬ મુજબ રૂપિયા એનર્જી ડિપોજિટ તરીકે ભરેલ છે. અને તેના આધારે તેમને ઉપરોક્ત કનેક્શન આપવામાં આવેલ છે. અને તે પેટે પહેલું બિલ ડિસેમ્બર-૨૦૦૬ માં તેમણે આપવામાં આવેલ તેનું પેમેન્ટ તેઓશ્રી દ્વારા કરવામાં આવેલ હતું નહિ ત્યાર બાદ તારીખ ૧૩.૩.૨૦૦૭ ના રોજ રૂપિયા ૧૮૦૬/- ભરપાઈ કરેલ હતું. ત્યાર બાદ અરજદાર દ્વારા કોઈ બિલ ભરપાઈ ન થતાં તેમનું કનેક્શન તારીખ ૧૧.૪.૨૦૧૨ ના રોજ રૂપિયા ૨૮૯૧.૦૧/- બાકી હોવાથી પીડીસી કરવામાં આવેલ છે. અને ત્યાર બાદ તેમના બાકી નીકળતા નાના માટે સમાધાનની રાહે તેમને લોકઅદાલતમાં પણ હજાર રહેવા જણાવેલ છતાં આજદિન સુધી કોઈ નાણાં ભરપાઈ કરેલ નથી. | |
| ૫ | લુણાવાડા | શ્રી હિરાભાઈ બાપુજીભાઇ પટેલ | ગામ-સરસણ | એસ્ટિમેટના નાણાં ભરવા છતાં ખેતીવાડી વીજજોડાણ ન મળવા બાબત. | અરજદારશ્રી હિરાભાઈ બાપુજીભાઇ પટેલ રહે. સરસણ ની ફરિયાદના આધારે પેટા વિભાગીય કચેરી દ્વારા તપાસ કરતાં ગ્રાહક અરજદાર દ્વારા તારીખ ૩૦.૩.૨૦૧૩ ના રોજ રૂપિયા ૨૬૨૦/- પહોચ નંબર-૬૨૯૨૦૫ તથા રૂપિયા ૧૩૨૦/- પહોચ નંબર-૬૨૯૨૦૭ તેમજ રૂપિયા ૧૦૦/- પહોચ નંબર-૬૨૯૨૦૬ થી ભરપાઈ કરેલ. પરંતુ ત્યાર બાદ સર્ક્યુલર-૧૫ ૧૪.૩.૨૦૧૩ મુજબ એક સર્વે નંબરમાં બે વીજ જોડાણ આપી શકતા નથી. જેના આધારે જેતે સર્વે નંબરમાં અન્ય જોડાણ ભૂલાભાઇ બાપુજીભાઇ પટેલ કે જેનો ગ્રાહક નંબર ૦૯૬૨૨/૧૦૧૦૦/૩ હયાત હોઇ એક સર્વે નંબરમાં બીજું કનેક્શન કે જે હિરાભાઈ બાપુજીભાઇ પટેલના નામે નવું માંગેલ છે અને જેના ભાવ પત્રકના નાણાં ભરપાઈ થયેલ છે તે કનેક્શન મ.ગુ.વી.કં.લી.ના નિયમ મુજબ આપી શકાય તેમ નથી. | |
| ૬ | લુણાવાડા | સંગાડા મંગળાભાઇ હીરાભાઇ | ગામ.બચકરીયા (ઉ) | બચકરીયા (ઉ) ધનખાઇ ફળીયા માં લો વોલ્ટેજના પ્રશ્ન બાબત. | પેટા વિભાગીય કચેરી ધ્વારા સદર લો વોલ્ટેજ બાબતે સેં કામગીરી કરી જરૂર જણાયતો તાંત્રિક મંજુરી મેળવી સદર ફળીયામાં લો વોલ્ટેજનો પ્રશ્ન હલ કરવામાં આવશે. | |
| ૭ | લુણાવાડા | નવાધરા તથા લીમડા મુવાડી ગામના ખેડુત | નવાધરા તથા લીમડા મુવાડી | મોવાસા ફીડર થ્રીફેઇઝ લાઇન વારંવાર બંધ થવા બાબત. | મોવાસા ફીડર ઉપર હાલ જરૂરી સમારકામ માટે હાલ વર્ક ઓર્ડર પ્રોસેસ મા છે.તેમ છતા સ્થાનીક લાઇન સ્ટાફ ધ્વારા સમાર કામ ચાલુ કરેલ છે અને સદર ફીડર ઉપરથી લોડ ઓછો કરવા માટે ની સર્વેની કામગીરી હાલ ચાલુ છે. જેથી ટુક સમયમા જરૂરી સમારકામ કરી નહીવત ટ્રીપીગ આવે તે રીતે આયોજન કરેલ છે. | |
| ૮ | લુણાવાડા | પ્રમુખશ્રી નગરપાલીકા લુણાવાડા | ગામ- લુણાવાડા | સ્ટ્રીટલાઇટો વારંવાર ઉડીજવા તથા રીપેરીગ કરવા બાબત. | પ્રમુખશ્રી નગરપાલીકા લુણાવાડા ની સ્ટ્રીટ લાઇટ ની ફરીયાદ બાબતે લોકદરબાર માં થયેલ ચર્ચા મુજબ પેટા વિભાગીય કચેરી લુણાવાડા-૨ ધ્વારા લાઇન સ્ટાફ તથા નગરપાલીકાના સ્ટાફ સાથે રાખી જે લોકેશનોમાં સ્ટ્રીટ લાઇટના કેબલ બદલવાના થતા હોઇ / રીપેર કરવાના થતા હોઇ તેમજ ફોલ્ટના કારણે સ્ટ્રીટ લાઇટો બંધ રહેતી હોઇ તેમજ નડતર રૂપ પોલ હોય તે તમામ બાબતો નો સર્વે કરી કામગીરી કરવા માટે નિર્ણય થયેલ અને તે મુજબ અત્રેની પેટા વિભાગીય કચેરી ધ્વારા સર્વે કામગીરી કરાવી જરૂરી સમારકામ માટે સદર કામગીરી કોન્ટ્રાકટર શ્રી પી.બી.સોલંકીને સોપવામા આવેલ છે.તે ટુક સમયમાં પુર્ણ કરી આપવામા આવશે. | |
| ૯ | લુણાવાડા | ડામોર રમણભાઇ એફ | ગામ.ડીટવાસ | ડીટવાસ ગામના બામણીયા ફળીયામા લો વોલ્ટેજ બાબત. | પેટા વિભાગીય કચેરી ધ્વારા સદર લો વોલ્ટેજ બાબતે સર્વે કામગીરી કરી જરૂર જણાયતો તાંત્રિક મંજુરી મેળવી સદર ફળીયામાં લો વોલ્ટેજનો પ્રશ્ન હલ કરવામાં આવશે. | |

## લોકદરબાર અંતર્ગત આવેલ પ્રશ્નોની વિગત. તા. ૧૬.૧૦.૧૪ - જી. વડોદરા તા. વડોદરા સ્થળ-વડોદરા શહેર

| અ. નં. | વિભાગીય કચેરી | પ્રશ્નાર્થીનું નામ | સરનામું | પ્રશ્નની વિગત | પ્રત્યુતર | નોંધ |
|---|---|---|---|---|---|---|
| ૧ | એમજીવીસીએલ | શ્રી રાજેન્દ્ર બર્વે | | ૧. નિયમીત રીતે બીલ ભરવા છતા બીલમાં વિલંબીત ચાર્જનો દંડ કરવો તેની કઇ કાયદાકીય કલમ છે તેનો લેખિત જવાબ આપવો | ૧. કોઇપણ ગ્રાહક વીજ બીલની પુરેપુરી રકમ બીલ ભરવાની છેલ્લી તારીખની સમયમર્યાદામાં ભરે તો તેમની ઉપર કોઇ વિલંબીત ચાર્જ લાગતો નથી. | |
| | | | | ૨. એમ જી વી સી એલ ધ્વારા આપવામાં આવેલ વીજ બીલ પુરેપુરુ ભરપાઇ કર્યા પછી તે પછીના આવતા બીલમાં પાછલી બાકી બતાવી ખોટી રીતે નાણાં વસુલવા બાબતની કલમ જણાવશો. | ૨. જો કોઇપ્ણ ગ્રાહકે વીજ બીલની રકમ નિયત સમયમર્યાદાની અંદર તેમજ પુરેપુરી ભરપાઇ કરેલ હોય તો ત્યાર પછીના વીજ બીલમાં પાછલી બાકી રકમ બતાવવામાં આવતી નથી. પરંતુ અમુક સંજોગોમાં જયારે વીજળીના દરમાં પાછળની અસરથી કોઇ ફેરફાર કરવામાં આવેલ હોય અથવા વીજ બીલની ગણતરીમાં કોઇ ભુલ થયેલ હોય તેવા સંજોગોમાં પાછલી બાકી રકમ આવી શકે છે. | |
| | | | | ૩. રૂ.૭૦ થી રૂ. ૮૦ લાખ રપિયાનુ' વીજ બીલ બાકી રાખનારનું વીજ જોડાણ નથી કપાતુ અને નાના રહેઠાણ વિસ્તારના નાગરીકોના વીજ જોડાણ કાપવુ તે કાયદાની કલમ જણાવશો. | ૩. નિયત સમયમર્યાદામાં વીજ બીલના નાણાં ન ભરાય તેમજ નોટીસ પીરીયડ પુરો થયા પછી વીજ બીલના નાણાં બાકી હોય તેવા તમામ ગ્રાહકોના વીજ જોડાણ કાપવાપાત્ર હોય છે. | |
| | | | | ૪. નિવૃત થયેલ અધિકારીના સહીથી વીજ બીલ બજાવવા અથવા ઇતર પત્રવ્યવહાર કરવો. જે આપની વહીવટી ભુલ છે. | ૪. વીજ બીલો અંદાજીત વાર્ષિક વપરાશ પ્રમાણે એક સાથે પ્રીન્ટ કરાવવામાં આવતા હોય છે અને તેની ઉપર તે સમયના સક્ષમ અધિકારી તેમના હોદાની રુએ એમજીવીસીએલ વતી તેમની સહી કરતા હોય છે એ બીલની માન્યતા તે અધિકારીના રીટાયર્ડ થઇ જવાથી અથવા તો બીજો કોઇ કારણથી એમજીવીસીએલના એમ્પ્લોઇમેન્ટમાં ન હોવા છતા જળવાય છે. વધુમાં વીજ બીલ ઉપર બીલ બનાવનાર કર્મચારીની સહી હોય છે. તેમ છતા બીલ ઉપર મુખ્ય ઇજનેરનું નામ અને મુખ્ય ઇજનેરની સહી દર્શાવવાને બદલે ફકત હોદો દર્શાવવાની બાબત કંપનીની વિચારણા હેઠળ છે. | |
| | | | | ૫. એમજીવીસીએલના ભુલોથી ગ્રાહકને થયેલ નુકસાનનું વળતર કેમ ન આપવું. | ૫. જયારે કોઇ ગ્રાહકની આ બાબતની રજુઆત આવે તો તેવા કિસ્સામાં નિયમાનુસાર નિર્ણય લેવામાં આવે છે. | |
| ૨ | વિશ્વામીત્રી (પશ્ચિમ) | શ્રી કે જી જયસ્વાલ | | હરીનગર પાંચ રસ્તાથી રાજેશ ટાવર રોડ પરના સુનેર કોમ્પ્લેક્ષ, શિવરંજની કોમ્પ્લેક્ષ, અંબિકા એવન્યુ તરફ જતી એચ.ટી. / એલ.ટી. લાઇનના વીજ થાંભલા ખસેડવા બાબત. | અરજદારની રજુઆતના આધારે નાયબ ઇજનેરશ્રી ગોત્રી સબ ડીવીઝન ધ્વારા સ્થળ તપાસ કરી હરીનગર - રાજેશ ટાવર રોડ ઉપર આવેલ ૬૩ કેવીએના બે (૨) ટ્રાન્સફોર્મર સેન્ટર હટાવવા માટે તાંત્રીક મંજુરી મેળવવા માટે વિભાગીય કચેરીએ તારીખ ૨૯/૧૦/૧૪ ના રોજ દરખાસ્ત (એન.આઇ.સ્કીમ હેઠળ) મોકલવામાં આવેલ છે. જેની મંજુરી મલ્યે થી આગળની કાર્યવાહી કરવામાં આવશે. | |
| ૩ | વિશ્વામીત્રી (પશ્ચિમ) | શ્રી વી જે વાછરામણી, | એ-૧૪, રાધાક્રિષ્ણા પાર્ક, અકોટા ગાર્ડન પાસે | ગ્રાહક નં. ૧૫૫૨૭/૦૨૬૫૦/૦ ના વીજ પ્રસ્થાપન પર અર્થીંગ કરવા બાબત. | ગ્રાહક નં. ૧૫૫૨૭/૦૨૬૫૦/૦ ના વીજ પ્રસ્થાપન પર તા.૧૩/૧૦/૧૪ ના રોજ અર્થીંગ કરવામાં આવેલ છે. | |
| ૪ | વિશ્વામીત્રી (પૂર્વ) | શ્રી નરેન્દ્રસીંહ વી સોલંકી | ૯૨, રાધિકા ટેનામેન્ટ, રેવા પાર્ક ગરબા મેદાન પાસે | રાધિકા ટેનામેન્ટ મકાન નં. ૯૦ થી ૯૭ ના વીજ મીટરો ધરના પાછળના ભાગેથી ખસેડી આગળના ભાગે ખસેડવા બાબત. | અરજદારની રજુઆતના સંદર્ભમાં તમામ મકાન નં ૯૦ થી ૯૭ ના વીજ મીટરો ધરના પછળના ભાગેથી ધરના આગળના ભાગે ખસેડવાનું કામ તા. ૧૪/૧૦/૧૪ ના રોજ પૂર્ણ કરવામાં આવેલ છે. | |
| ૫ | લાલબાગ | શ્રી ઠાકોરભાઇ ડી. પટેલ, | ૬ દેવી પાર્ક સોસાયટી, માંજલપુર | ૧. દેવી પાર્ક સોસાયટીમાં નડતરરૂપ વીજ પોલ હટાવવા બાબત. | ૧. અરજદાર ને માંજલપુર સબ ડીવીઝન ઓફીસમાં વીજ લાઇન હટાવવાની અરજી કરવા જણાવેલ છે. અને અરજી કર્યેથી તેમજ લાઇન હટાવવા માટેનો થતો ખર્ચ ભરપાઇ કરવાની બાંહેધરી આપ્યે થી તેમજ " Way Leave " મળી રહે થી આગળની કાર્યવાહી કરવામાં આવશે. | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | | | | ૨. ગ્રાહકના વીજ પ્રસ્થાપન પર મુકવામાં આવેલ વીજ મીટરનું દર છ કે બાર મહીને ચેક કરી મીટર " O.K. " નું સર્ટીફીકેટ આપવા બાબત. | સેન્ટ્રલ ઇલે. ઓથોરીટીના પ્રવર્તમાન નિયમ મુજબ વીજ મીટરો ટેસ્ટ કરવા માટે એમજીવીસીએલ પ્રયત્નશીલ છે. | |
| ૬ | વિશ્વામીત્રી (પશ્ચિમ) | શ્રી સુનીલ દેશમુખ, | ચિત્રા એ-૭, સ્વામિનારાયણનગર, સનફાર્મા રોડ, અટલાદરા | અરજદારની રહેણાંક સોસાયટી સ્વામિનારાયણ નગરમાં ઓવરહેડ લાઇન કાઢી એબીસી કેબલ લાઇન નાંખવા બાબત. | નાયબ ઇજનેર, અકોટા સબ ડીવીઝન કચેરી ધ્વારા અરજદારશ્રીને તા.૧૧/૧૦/૧૪ ના રોજ ઓવર હેડ લાઇનને એબીસી કેબલ લાઇનમાં ફેરવવા માટે જરુરી અરજી પેટા વિભાગીય કચેરીમાં કરવા જાણ કરેલ છે. અરજી કર્યેથી અને અંદાજપત્રક ના નાણાં ભરવાની બાહેંધરી આપ્યેથી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. | |
| ૭ | વિશ્વામીત્રી (પશ્ચિમ) | શ્રી મનુભાઇ માણેક, | ૨૪ રાધાક્રિષ્ણા પાર્ક, અકોટા | અરજદારને ઘરે એમજીવીસીએલ ધ્વારા અર્થીંગ કરવા બાબત. | નાયબ ઇજનેર, અકોટા સબ ડીવીઝન કચેરી ધ્વારા તા.૧૧/૧૦/૧૪ ના રોજ અરજદારના વીજ પ્રસ્થાપનની મલાકાત લેતા, અરજદારશ્રીએ અર્થીંગ કરાવવા માટે ના પાડેલ છે. અને તે માટે લેખિત કન્સેન્ટ આપેલ છે. | |
| ૮ | લાલબાગ | મે.એલાઇડ ઇલેકટ્રોનીકસ કોર્પોરેશન, | ૪૮૬/બી-૧, જીઆઇડીસી-મકરપુરા | ૧. મેઇન લાઇન કેબલની ક્ષમતા વધારવા બાબત. | ૧. ગ્રાહકનો મંજુર લોડ ૭૫ કી.વો. હતો ત્યારબાદ લોડ વધારો થઇ કુલ મંજુર લોડ ૯૦ કી.વો. થતા લોડને સુસંગત મેઇન કેબલની ક્ષમતા તા.૧૨/૧૦/૧૪ ના રોજ વધારીને 150mm2 ની કરવામાં આવેલ છે. | |
| | | | | ૨. અનામત રકમ પર વાર્ષિક વ્યાજ મળવા બાબત. | ૨. અરજદારને તેમના જે તે વર્ષ ના એપ્રિલ માસના વીજ બીલમાં અનામત રકમ પર વ્યાજ આપવામાં આવેલ જ છે. જેની છેલ્લા ત્રણ વર્ષની માહીતી નીચે મુજબ છે. | |
| | | | | | એપ્રિલ ૨૦૧૨ - ૯૭૫૭.૮૦ | |
| | | | | | એપ્રિલ ૨૦૧૩ -૧૪૮૫૦.૭૫ | |
| | | | | | એપ્રિલ ૨૦૧૪ -૧૪૪૫૯.૭૦ | |
| ૯ | વિશ્વામીત્રી (પૂર્વ) | શ્રી નરેન્દ્રભાઇ સી પટેલ, | ૮ દયાલબાગ સોસાયટી, માંજલપુર | આઇવરી ગાર્ડન ઇન્ફ્રાસ્ટ્રકચર ગૃપ કનેકશન હેઠળ વસુલ કરેલ રકમ પરત આપવા બાબત. | અરજદાર ધ્વારા વીજ માળખુ ઉભુ કરવા માટેની અરજી હોવાથી તેમને નિયમ મુજબ નિયત ભાવપત્રક આપવામાં આવેલ છે. જે નિયમ મુજબ બરાબર છે તેથી પૈસા પરત મેળવવાની અરજી ગ્રાહ્ય રાખી શકાય નહીં. | |
| ૧૦ | લાલબાગ | શ્રી ઇન્દ્રવદન બી પટેલ, | જી-૨,આનંદધર એપાર્ટમેન્ટ, માંજલપુર | સનહાઇટ ઇન્સ્ફાસ્ટ્રકચર ગૃપ કનેકશન હેઠળ વસુલ કરેલ રકમ પરત આપવા બાબત. | અરજદાર ધ્વારા વીજ માળખુ ઉભુ કરવા માટેની અરજી હોવાથી તેમને નિયમ મુજબ નિયત ભાવપત્રક આપવામાં આવેલ છે. જે નિયમ મુજબ બરાબર છે તેથી પૈસા પરત મેળવવાની અરજી ગ્રાહ્ય રાખી શકાય નહીં. | |
| ૧૧ | વિશ્વામીત્રી (પશ્ચિમ) | શ્રી ઇશ્વરભાઇ ભીખાભાઇ વાળંદ | | ગ્રાહક નં. ૧૫૫૧૭/૦૬૬૭૭/૧ નું વીજ જોડાણ કે જે જેઠાભાઇ મણીભાઇ પટેલના નામનું છે તે ચાલુ કરવા બાબત. | અરજદાર ધ્વારા વીજ જોડાણ નં. ૧૫૫૧૭/૦૬૬૭૭/૧ નુ વીજ જોડાણ કે જે જેઠાભાઇ મણીભાઇ પટેલના નામનું છે તે ચાલુ કરવા જણાવે છે પરંતુ સદર વીજ જોડાણ મૂળ ગ્રાહકની વિનંતી થી બંધ કરવામાં આવેલ છે અને જે ગ્રાહક ની અરજી સિવાય ચાલુ થઇ શકે નહી. વધુમા, હાલ અરજદાર તથા ગ્રાહક બંને ધ્વારા એકબીજાના સામે કોર્ટ કેસ કરેલ હોઇ અને જે કોર્ટ માં પડતર હોઇ હાલમાં કોઇ કાર્યવાહી થઇ શકે નહીં. | |
| ૧૨ | એમજીવીસીએલ | જયહીંદ ઇલેકટ્રીક કું. | ડાંગે હાઉસ, કાસર ફળીયા, સરકારી પ્રેસ સામે, વડોદરા | ટ્રાન્સફોર્મર સેન્ટરના સ્થાપનને ચાર અલગ ખાડા કરી અર્થીંગ કરવા બાબત. | વીજ કંપની ધ્વારા ટ્રાન્સફોર્મર સેન્ટરને નિયમાનુસાર અલગ અલગ ખાડા કરી અર્થીંગ કરવામાં આવે છે. અને જેની ચકાસણી ઇલેકટ્રીકલ ઇન્સ્પેકટર ધ્વારા થયા બાદ અને જરુરી પરવાનગી મલ્યા બાદ જ ટ્રાન્સફોર્મર સેન્ટરને ચાર્જ કરવામાં આવે છે. | |
| ૧૩ | વિશ્વામીત્રી (પશ્ચિમ) | શ્રી જી આર દરજી, | યશ કોમ્પલેક્ષ, ગોત્રી રોડ | ૧. પીટીશન નં. ૧૩૦૫/૨૦૧૩ તા.૨૬/૬/૧૩ ના ઓર્ડર GERC ધ્વારા પેરા નં. ૧,૪ માં જણાવેલ છે કે ઉપરોકત બંને જોડાણો LTP-1 બીલ થાય છે. હકીકતમાં તે LFD કેટેગરીમાં બીલ થતા હતાં. (તા.૧-૯-૨૦૧૧ પહેલા ) આમ, રેગ્યુલેટરમાં પણ ખોટી માહીતી પુરી પાડેલ છે. | સદર બાબતે માનનીય ગુજરાત વીજ નિયમન પંચ તેમજ CGRF ધ્વારા નિર્ણય લેવાઇ ગયેલ છે અને તેમના આદેશ મુજબ કાર્યવાહી કરેલ છે. જેથી હવે તેમા કોઇ આગળની કાર્યવાહી કરવાની રહેતી નથી. | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | | | | ૨. આજ ઓર્ડરના પેરા નં. ૨ માં જણાવેલ છે કે ગ્રાહક ને બીજા કનેકશન માટે જાણ કરી છે પરંતુ આજદીન સુધી કોઇ કાગળ મળેલ નથી તે આર.ટી.આઇ. ની અરજી ધ્વારા પણ માહીતી માંગવા છતા પણ મળી નથી. | | |
| | | | | ૩. આજ ઓર્ડરના પેરા નં. ૩ ભારપૂર્વક માનનીય કમિશન ધ્વારા જણાવેલ છે કે ગ્રાહક કહે તે નહી પરંતુ મંજુર અને યોગ્ય હોય તે ટેરીફ સાચી લગાવવાની જવાબદારી એમજીવીસીએલ (લાયસન્સી) ની છે. | | |
| | | | | ૪. આમ છતા ૨૦૦૮ ડીસે. પડતર અરજીની જાણ જયારે CGRF ને કરી ત્યારે તારીખ તેને અરજી કર્યાની ગણી કે જયારે તા.૧/૯/૧૧ પછી ટેરીફ નવારુપે મંજુર થઇ અને તે પ્રમાણે સુધારો કરવા જણાવેલ છે. | | |
| | | | | ૫. તા.૨૩-૬-૧૩ ના ઓર્ડર ના પેરા નં.૧ મા પણ જણાવેલ છે કે ૧૦ કી.વો. ઉપરના લોડ માટે જે યોગ્ય મોટીવ પાવર ટેરીફ લગાવવી જોઇએ તે લગાવવામાં પણ એમજીવીસએલ નિષ્ફળ રહયુ છે. | | |
| | | | | ૬. તા.૧-૯-૧૧ ના નવા ટેરીફ ઓર્ડર મુજબ પણ ૧૦ કી.વો.ની રેન્જ વધારીને LFD કેટેગરી માટે ૧૦૦ KVA કરવામાં આવી તેમાં વોટર વકર્સ ના વીજભારને ગણતરીમાં લેવાનો નથી. | | |
| | | | | ૬.૧) આ સંજોગોમા ગ્રાહકને પડેલ મુશ્કેલી બાબત નિયમ અનુસાર શું વળતર આપવામાં આવ્યું. | | |
| | | | | ૬.૨) ગ્રાહકોને આવી જાણ કયારે અને કેવી રીતે કરી તેની નકલ આપવી. | | |
| | | | | ૬.૩) તા.૨૫/૨/૧૩ ના પરિપત્ર ધ્વારા મલ્ટી સ્ટોરેડ રેસીડેન્શીયલ / કોર્મશીયલ કોમ્પ્લેક્ષ ને જો ૪૦.૦ કી.વો.થી વધુ હોય તો LMTD માં બીલીંગ કરવા જણાવેલ છે તે અનુસાર આવા કેટલા બીલ આકારવમાં આવ્યા છે અને કેટલી રકમની વસુલાત થઇ છે. | | |
| ૧૪ | એમજીવીસએલ | શ્રી મહંમદ નદીમ ગુલામ મહંમદ શેખ, | એ-૪ ગુલાબવાટીકા ડુપ્લેક્ષ, તાંદળજા રોડ | ચેરીટી કમિશ્નરશ્રીની કચેરીમાં નોંધાયેલ તમામ ટ્રસ્ટોને GLP ટેરીફ (ટ્રસ્ટ લાઇટીંગ) નો લાભ આપવામાં આવે છે જયારે વકફ બોર્ડમાં નોંધાયેલ ટ્રસ્ટો જેવા કે મસ્જીદ, દરગાહ, કબ્રસ્તાન ને GLP ટેરીફનો લાભ મળતો નથી. | GLP ટેરીફનો લાભ નિયમાનુસાર જે ટ્રસ્ટોની નોંધણી " ચેરીટી કમિશ્નર " ની કચેરી ખાતે થયેલ હોય છે તેને જ મળવાપાત્ર છે. | |
| ૧૫ | વિશ્વામીત્રી (પૂર્વ) | શ્રી પિતાણી ઇકબાલ ઇસ્માઇલ, | ઘર નં.૧૪૧ જયઅંબેનગર આજવા રોડ | શ્રીમતી કુસુમબેન કેશવલાલ ચૌહાણ, ગ્રાહક નં. ૧૬૭૦૩/૧૦૦૪૮/૯ ના નામનુ વીજ જોડાણ શ્રી પિતાણી ઇકબાલ ઇસ્માઇલ નામનો કરવા બાબત | શ્રીમતી કુસુમબેન કેશવલાલ ચૌહાણ, ગ્રાહક નં. ૧૬૭૦૩/૧૦૦૪૮/૯ ના નામનુ વીજ જોડાણ ઝુપડપટ્ટી યોજના હેઠળ આપવામાં આવેલ હોઇ નિયમઅનુસાર સદર વીજ જોડાણ અન્ય નામે તબદીલ થઇ શકે નહી. | |
| ૧૬ | વિશ્વામીત્રી (પશ્ચિમ) | પ્રમુખ શ્રી, | વિમલનાથ રેસી. કોમ્પ્લેક્ષ, સુભાનપુરા | ૧. વિમલનાથ રેસીડેન્સનું પમ્પ હાઉસનું બીલ કોર્મશીયલ તરીકે આવે છે તે પબ્લીક વોટર વર્કસ તરીકે કરવા બાબત. | ૧. વિમલનાથ રેસીડેન્સનું પમ્પ હાઉસનું બીલ કોર્મશીયલ તરીકે આપવામાં આવતુ નથી. અને RGPU ટેરીફમાં આપવામાં આવે છે. | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | | | | ૨. વિમલનાથ રેસીડેન્સનું ગ્રાહક નં. ૧૫૩૧૦/૦૧૩૯૦/૩ ના પુરવણી બીલ પાછુ ખેંચવા બાબત. | ૨. વિમલનાથ રેસીડેન્સનું ગ્રાહક નં. ૧૫૩૧૦/૦૧૩૯૦/૩ ના સપ્ટેમ્બર ૨૦૧૧ અને ઓકટોબર ૨૦૧૧ ના વપરાશ અંગે ઓડીટ ધ્વારા રીકવરી કાઢતા ગ્રાહકને રૂ. ૧૦૧૭૫/- નું પુરવણી બીલ આપવામાં આવેલ છે. જે નિયમાનુસાર બરાબર છે. | |
| ૧૭ | વિશ્વામીત્રી (પશ્ચિમ) | શ્રી, મુકુંદભાઇ પરીખ c/o પ્રમુખ શ્રી | રોયલ પાર્ક કો.ઓ.હા.સોસાયટી | ટી.પી. ના રોડ ઉપર અંડરગ્રાઉન્ડ કેબલ નાંખવા બાબત. | તાંત્રિક પાસાઓની ચકાસણી કરી જ્યા જરુર જણાય ત્યા MGVCL ધ્વારા તબકકાવાર અંડરગ્રાઉન્ડ કેબલ નાંખવામાં આવે છે. | |
| ૧૮ | વિશ્વામીત્રી (પૂર્વ) | શ્રી મારવાડી મનોજ આર, | એ-૫, બીએમસી કવાર્ટસ, કારેલીબાગ | નામ અને નંબર પ્લેટ હોદા સાથે ઓફીસમાં લગાડવા બાબત. | સદર બાબતની માહિતી અરજદાર ધ્વારા આર.ટી.આઇ. હેઠળ માંગવામાં આવેલ જે તેમને અત્રેની કચેરીના પત્ર નં. બીસીસી/એચઆર/આરટીઆઇ/૨૦૧૪/૬૦૮૪ તા. ૨૧/૧૦/૨૦૧૪ ધ્વારા પાઠવેલ છે. | |
| ૧૯ | વિશ્વામીત્રી (પૂર્વ) | શ્રી સંજય એ ડોંગરદીવે, | નવીધરતી, ગોલવાડ | નવી ધરતી ખાતે રીલાયન્સ 4 GB ટાવરને વીજ જોડાણ નહી આપવા બાબત. | નવી ધરતી ખાતે રીલાયન્સ 4 GB ટાવરને જરૂરી નિયમ મુજબના દસ્તાવેજો લઇ વીજ જોડાણ આપવામાં આવેલ છે. અને વીજ જોડાણ ન આપવા બાબતને અરજદારની માંગણી ગ્રાહય રાખી શકાય તેમ નથી. | |

## લોકદરબાર અંતર્ગત આવેલ પ્રશ્નોની વિગત. તા. ૧૭.૧૦.૧૪ - જી. ખેડા તા. મહેમદાવાદ સ્થળ-મહેમદાવાદ

| અ. નં. | વિભાગીય કચેરી | પ્રશ્નાર્થીનું નામ | સરનામું | પ્રશ્નની વિગત | પ્રત્યુતર | નોંધ |
|---|---|---|---|---|---|---|
| ૧ | મહેમદાવાદ | શ્રીમતી શોભનાબેન.બી.પટેલ, સરપંચશ્રી, | અકલાચા | ૧૦૦ રૂ.ના સ્ટેમ્પ પર એફીડેવીટ કરી સંમતિ લેવા બાબત | બાબતમાં જણાવવાનું કે કંપનીના નિયમ મુજબ કનેકશન લેવા સદર માટે ૧૦૦ રૂ.ના સ્ટેમ્પ પર બધા ભાગીદારોની નોટરાઇઝ સંમતિ જરૂરી છે. ૧૦૦ રૂ.ના સ્ટેમ્પને બદલે ૨૦ રૂ.ના સ્ટેમ્પ પર એફીડેવીટ કરી સંમતી લઇ વીજ કનેકશન આપી શકાય નહીં. | |
| ૨ | મહેમદાવાદ | શ્રીમતી શોભનાબેન.બી.પટેલ, સરપચશ્રી | અકલાચા | રજીસ્ટેશનવાળા અરજદારોને નોન બોર(ખેતી) વીજ કનેકશન મળવા બાબત | સદર બાબતમાં જણાવવાનું કે હાલમાં કંપનીના નિયમ મુજબ બોરવાળા ખેતી વિષયક વીજ કનેકશન આપવાની કાર્યવાહી ચાલુ છે.હાલ બોરવાળા ૨૫૦ અરજદાર બાકી છે. સદર કામગીરી પૂર્ણ થયા બાદ કંપનીના નીયમ મુજબ નોન બોર (ખેતી) વીજ કનેકશન આપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. | |
| ૩ | મહેમદાવાદ | શ્રીમતી શોભનાબેન.બી.પટેલ, સરપચશ્રી, | અકલાચા | અકલાચા ગામે વીજ સબ સ્ટેશન ચાલુ કરવા બાબત | સદર બાબતમાં જણાવવાનું કે જમીન સંપાદન કરવાની દરખાસ્ત કલેકટર કચેરીમાં મોકલી આપવામાં આવેલ છે. માનનીય કલેકટરશ્રી તરફથી જમીન સંપાદન અંગેનો ઓર્ડર મળ્યા બાદ જેટકો વિભાગ દ્રારા નવું સબ સ્ટેશન ચાલુ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. અત્રેની કચેરી દ્રારા જેટકો વિભાગને સબ સ્ટેશન વહેલું ચાલુ થાય તે માટે જરૂરી ભલામણ કરવામાં આવેલ છે. | |
| ૪ | મહેમદાવાદ | શ્રી સુરેશભાઇ મણીભાઇ ચોહાણ સરપંચશ્રી, | વરસોલા | વરસોલા સબ સ્ટેશનનું કામ તાત્કાલીક કરવા બાબત | જેટકો કંપની દ્રારા સબ-સ્ટેશન માટે જમીન સંપાદનની કાર્યવાહી પૂર્ણ કર્યેથી કામગીરી હાથ ધરવામાં આવશે. | |
| ૫ | મહેમદાવાદ | શ્રી સુરેશભાઇ મણીભાઇ ચોહાણ સરપંચશ્રી, | વરસોલા | વરસોલા ચોકડી વિસ્તારમાં ઘંઘા વપરાશના કનેકશન માટે એન. એ. પરમીશન માંગવા બાબત | સદર બાબતમાં જણાવવાનું કે મ.ગુ.વી.કં.લી.ના પ્રવર્તમાન નીયમ અનુસાર ગામતળ સિવાયના વિસ્તારમાં ઘંઘાકીય હેતુ માટે વીજ કનેકશન લેવા માટે એન. એ. પરમીશન જરૂરી છે. એન.એ. પરમીશન સીવાય ગામતળ સીવાયના વિસ્તારમાં ઘંઘાકીય હેતુ માટે વીજ કનેશન આપી શકાય નહીં. | |
| ૬ | મહેમદાવાદ | શ્રી મહેન્દ્ર.જી.સોલંકી, | યોગી પાઇપ એન્ડ પ્લાસ્ટીક ઇન્ડ.છાપરા | પરસાતજ ફીડરમાંથી આપવામાં આવતા વીજ પુરવઠામાં વારંવાર ટીપીંગ આવવા બાબત | સદર બાબતમાં જણાવવાનું કે ૧૧ કે.વી. પરસાતજ ફીડર મહેમદાવાદ તથા ખેડા સ.ડી.ના તાબા હેઠળ આવે છે તેનું ચોમાસા પહેલાં મેન્ટેનન્સ કરવામાં આવેલ છે. અને ફરીથી પણ મેન્ટેનન્સ કરવામાં આવશે. વધુમાં સદર ફીડરના બાયફરકેશન અંગેની દરખાસ્ત ફરીથી મંજુરી અર્થે મોકલવામાંઆવશે. અતે તમોને વિક્ષેપ વગર વીજ પુરવઠો મળે તેવી જોગવાઇ કરવામાં આવશે. | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૭ | મહેમદાવાદ | શ્રી કનુભાઇ ડાભી.માજી. ધારાસભ્યશ્રી, | કઠલાલ | કઠલાલ તાલુકામાં મોટા ભાગના ગામો એવા છે કે જેને વીજ બીલ ભરવા માટે કઠલાલ આવવું પડે છે. જેથી વીજ બીલ સમય મર્યાદામાં ભરી શકાતા નથી. જેથી મોજે ગામ છીપડી પાટીયા પાસે વીજ બીલ કલેકશન તેમજ ફરીયાદ નીવારણ માટે બીલ કલેકશન સેન્ટર ખોલવામાં આવે તેવી લોક માગણી છે. જેનો અમલ થાય તેમ કરવા મારી ભલામણ છે. | કઠલાલ તાલુકામાં મોટા ભાગના ગામોમાં વીજ બીલના નાણાં ભરવા માટે પોસ્ટ ઓફીસ તેમજ જયાં મંડળી જવાબદારી લેવા તૈયાર હોય તેવા ૩ર ગામમાં ઇ.ગ્રામ પંચાયત દ્વારા નાણાં લેવાની વ્યવસ્થા કરવામાં આવેલ છે. છીપડી ગામે પણ પોસ્ટમાં બીલ લેવાની સુવીઘા છે તેમછતાં આજુબાજુના ગામોમાં ઇ.ગ્રામ યોજના હેઠળ વીજ બીલ કલેકશનની સુવીઘા મેળવવા માટે કોમ્પ્યુટર સાહસીક, તલાટી તથા સરપચના સહી સીકકા સાથે ફોર્મ ભરી તાલુકા વીકાસ અઘીકારીના સહી સીકકા કરી સ.ડી.માં રજૂ કર્યેથી જે તે ગામમાં ઇ.ગ્રામ કલેકશનની સુવીઘા આપવામાં આવશે. | |
| ૮ | મહેમદાવાદ | શ્રી કનુભાઇ ડાભી.માજી. ધારાસભ્યશ્રી, | કઠલાલ | ભરકુંડા ગામે ભૈડીયા વિસ્તારમાં ચોવીસ કલાકમાંથી વીજ કનેકશન આપેલ છે પરંતુ ટી.સી નાનું હોવાથી વીજ પુરવઠો પુરતો મળતો નથી. જેથી ટી.સી ૫ ની જગ્યાએ ૧૦નું કરવા મારી ભલામણ છે | ભરકુંડા ગામે ભૈડીયા વિસ્તારમાં ચોવીસ કલાકમાંથી ર એચ.પી.નું એક વોટર વર્કસ તેમજ રર લાઇટીંગ કનેકશન ૫ કેવીએના ટી.સી પરથી આપવામાં આવેલ છે. જેનું મોજણી કામ કરી તથા ગ્રાહકોનો વપરાશ ચેક કરી સદર વિસ્તારમાં પુરતો વીજ પુરવઠો મળે તે માટે ૫ કેવીએના ટીસીની જગ્યાએ ૧૦ કેવીએનું ટીસી કરવા અંગેની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. | |
| ૯ | મહેમદાવાદ | શ્રી કનુભાઇ ડાભી.માજી. ધારાસભ્યશ્રી, | કઠલાલ | જાલીયા ફીડરની લંબાઇ વધારે છે. જેથી અભ્રીપુર ગામના સોનલપુરા વિસ્તારમાં ચોવીસ કલાકમાં જોડાણ કરી આપવા મારી ભલામણ છે. | અભ્રીપુર ગામના સોનલપુરા વિસ્તારને હાલમાં જાલીયા એજીડોમ ફીડર પરથી સ્પેશીયલ ડીઝાઇન ટાન્સ્ફોર્મર દ્વારા સીંગલ ફેઇઝ પુરવઠો ચોવીસ કલાક આપવામાં આવે છે. કંપનીના પ્રવર્તમાન નીયમ મુજબ સીમ વીસ્તારમાં આવેલ રહેણાંક વીસ્તારના કનેકશનોને ર૪ કલાક જેજીવાય ફીડર પરથી વીજ કનેકશન આપવા માટેની કોઇ યોજના હાલમાં ચાલુ નથી. વધુમાં અભ્રીપુરમાં નવું ૬૬ કેવી સબ સ્ટેશન પણ મંજુર થયેલ છે. તેથી સદર ફીડરનું બાયફરકેશન પણ કરી આપવામાં આવશે. | |
| ૧૦ | મહેમદાવાદ | શ્રી કનુભાઇ ડાભી.માજી. ધારાસભ્યશ્રી, કઠલાલ | | કઠલાલ તાલુકામાં મોટા ભાગના ગામોમાં ૮ કલાક વીજ કનેકશન આપેલ છે. મોટા ભાગના ગામો પરા વિસ્તાર તેમજ અંતરીયાળ વિસ્તારમાં રહે છે. જેથી સાંજે લાઇટ હોતું નથી. જેથી સીંગલ ફેઇઝ લાઇટ વધારે આપવામાં આવે તેવી લોક માંગણી છે. જે હાલ કરવા મારી ભલામણ છે. | કંપનીના પ્રવર્તમાન નીયમ મુજબ સીમ વીસ્તારમાં ચોવીસ કલાક સીંગલ ફેઇઝ પુરવઠો એજીડોમ ફીડર પરથી સ્પેશીયલ ડીઝાઇન ટાન્સ્ફોર્મર દ્વારા પુરો પાડવામાં આવે છે. વધુમાં જે પરા વીસ્તાર તેમજ અંતરીયાળ વીસ્તારમાં અનઅઘિકૃત રીતે વીજ વપરાશ વપરાતો હોવાનું માલુમ પડેલ છે. જેના કારણે ફીડર પર ઓવરલોડ થતા સ્પેશીયલ ડીઝાઇન ટાન્સ્ફોર્મરની રીલે ટીપ થઇ જાય છે. તેમ છતાં સદર ફીડરોનું જરુરી મેન્ટેનન્સ કામ કરી તથા સતત ચેકીંગ કરી વીજ પુરવઠો સતત મળી રહે તેવી વ્યવસ્થા કરવામાં આવશે. | |
| ૧૧ | મહેમદાવાદ | શ્રી અરવીંદભાઇ.વી.ભાનુશાલી, | વાત્સલ્ય -ર કોમ્પલેક્ષ, મહેમદાવાદ | નવીન ઇન્ફ્રાસ્ટકચર ખાતે વીજ જોડાણ મેળવવા બાબત | સદર બાબતે જણાવવાનું કે મહેમદાવાદ શહેરનો વીજ પુરવઠો ૧૧ કેવી ઉદ્યોગનગર ફીડર પરથી પુરો પાડવામાં આવે છે જેનો લોડ ૧૯૦ એમ્પીયર છે. સદર ફીડરનું બાયફરકેશન કરવાની મંજુરી મળી ગયેલ છે. પરંતુ એન.એચ.એ.આઇની અન્ડર ગ્રાઉન્ડ કેબલ નાખવાની જરુરી મંજુરી મળતી ન હોવાથી ફીડર બાયરફરકેશન થઇ શકતું નથી. જેથી વર્તુળ કચેરી તરફથી ઇન્ફ્રાસ્ર્કચરની મંજુરી મળી શકતી નથી. પરંતુ એન.એચ.એ.આઇ સાથે અન્ડર ગ્રાઉન્ડ કેબલ નાખવાની જરુરી મંજુરી મળે તે માટેની તજવીજ કરવામાં આવશે તથા બીજી શકયતાઓ વિચારી વીજ જોડાણ આપવાની કાર્યવાહી કરવામાં આવશે. | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧૨ | મહેમદાવાદ | શ્રીમતી ભાનુબેન રવજીભાઇ પટેલ, | મંજીપુરા, નડીઆદ | વરસોલા મુકામે બ્લોક નં.૪૬૮/અ પૈકી ૨ વાળી જમીનમાં ઔદ્યોગીક જોડાણ મેળવવા બાબત | સદર બાબતે જણાવવાનું કે હાલમાં ચાલુ લાઇન ૧૧ કેવી ખંભાલી ફીડર પરથી ઔદ્યોગીક વીજ જોડાણ આપવું તાંત્રીક કારણોસર વોલ્ટેજ રેગ્યુલેશનને લીધે શકય નથી. આથી વરસોલા ખાતે સબ સ્ટેશનની જમીન સંપાદન માટેના જરુરી મહેસુલ ભરપાઇ કરી દીધેલ છે. અમારી મહેમદાવાદ પે.વિ.કચેરીથી જેટકો કંપનીને પણ વારંવાર વરસોલા સબ સ્ટેશનનું કામ વહેલી તકે પુરુ કરવા જણાવેલ છે.  તથા સદર કામ માટે જરુરી લાઇન ઉભી કરવા માટે કોન્ટાકટ આપવા અંગે ટેન્ડરની પ્રક્રીયા  જેટકો દ્વારા કરવામાં આવેલ છે. જેથી વહેલામાં વહલે તકે સબ સ્ટેશનનું કામ પુરુ કરી નવીન ઓદ્યોગીક વીજ જોડાણ આપી શકાય તેવી વ્યવસ્થા કરવામાં આવશે. | |

## લોકદરબાર અંતર્ગત આવેલ પ્રશ્નોની વિગત. તા. ૨૦.૧૦.૧૪ - જી. છોટા ઉદેપુર તા. નસવાડી સ્થળ-નસવાડી

| અનુ. નં. | વિભાગીય કચેરી | પ્રશ્નાર્થીનું નામ | સરનામું | પ્રશ્નની વિગત | પ્રત્યુતર | નોંધ |
|---|---|---|---|---|---|---|
| ૧ | નસવાડી | છીતાભાઈ આંબાલાલ રોહિત | મુ.પો. પરવેટા તા. સંખેડા, જી. છોટાઉદેપુર | ખેતી વિષયક વીજ મિટર બદલવા બાબત | ખેતી વિષયક વીજ મિટર બદલવાની આપની અરજી તા. ૧૮/૧૦/૨૦૧૪ ના રોજ અત્રેની કચેરી ને મળેલ છે જે મિટર ચેક કરી જરૂર જણાયે દિન-૩ માં બદલી આપવામાં આવશે. | સદર મિટર બંધ હોવાથી તા. ૨૨/૧૦/૧૪ ના રોજ બદલાવેલ છે |
| ૨ | નસવાડી | છીતાભાઈ આંબાલાલ રોહિત | મુ.પો. પરવેટા તા. સંખેડા, જી. છોટાઉદેપુર | ખેતી વિષયક નવીન વીજ જોડાણ ચાલુ કરવા બાબત | આપશ્રી એ ૨૯/૧૨/૨૦૧૨ ના રોજ ગામ - પરવેટા સર્વે નં - ૩૮૭/૧અ પૈકીમાં નવીન ખેતીવાડી વીજ જોડાણ માટે અરજી કરેલી હતી જેના અંદાજ પત્ર ના નાણાં તા. ૨૨/૦૫/૨૦૧૪ ના રોજ ભરપાઈ કરેલ છે અને સદર વીજ જોડાણ માટે જરૂરી લાઇન ખેચવાની કામગીરી તા. ૦૪/૦૮/૨૦૧૪ ના રોજ પૂર્ણ કરેલ છે. જેના વાયરિંગ માટેનો ટેસ્ટ રિપોર્ટ રજુ કરવા માટે આપશ્રી ને ૨ (બે) માસ ની નોટિસ તા. ૦૫/૦૮/૨૦૧૪ ના રોજ પાઠવવામાં આવેલી હતી પરંતુ આપશ્રી એ વાયરિંગ પૂર્ણ કર્યા અંગેનો ટેસ્ટ રિપોર્ટ રજુ કરેલ નથી અને મિટર રૂમ પણ બનાવેલ નથી જેથી ટેસ્ટ રિપોર્ટ રજૂ કર્યા બાદ વીજ જોડાણ ચાલુ કરવા અંગેની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. | |

## લોકદરબાર અંતર્ગત આવેલ પ્રશ્નોની વિગત. તા. ૨૨.૧૦.૧૪ - જી. દાહોદ તા. દાહોદ સ્થળ-દાહોદ

| અ. નં. | વિભાગીય કચેરી | પ્રશ્નાર્થીનું નામ | સરનામું | પ્રશ્નની વિગત | પ્રત્યુતર | નોંધ |
|---|---|---|---|---|---|---|
| ૧ | દાહોદ | બચુભાઈ ખાબડ પશુપાલન અને મત્સ્યોધોગ મંત્રી શ્રી | દાહોદ | દાહોદ જિલ્લાના દરેક તાલુકાઓમાં ગ્રામ્ય વિસ્તારમાં ખેડૂતો પોતાની માલિકી સર્વે નંબરમાં રહેણાક માટે મકાન બનાવે છે. રહેણાક મકાન ખેડૂતને બનાવવા માટે જમીન એન.એ. કરતાં નથી. અને તેના રહેણાકના મકાનમાં જ અનાજ દળવાની ઘંટી નાખવામાં આવે છે ત્યારે તેના વીજ જોડાણ માટે એન.એ. ની પરવાનગી વગર આપનો વિભાગ વીજ જોડાણ આપતા નથી. | દાહોદ જિલ્લાના દરેક તાલુકાઓમાં ગ્રામ્ય વિસ્તારમાં ખેડૂતો પોતાની માલિકી સર્વે નંબરમાં રહેણાક માટે મકાન બનાવે છે. તે મકાન માં અનાજ દળવાની નાની ઘંટી માટે વીજ કનેક્ષનો માંગવામાં આવે તો તેમને ખેતીવાડી ફિડર પરથી સદર વીજ કનેક્શન આપવામાં આવે છે પરંતુ તેમણે ૨૪ કલાક જ્યોતિગ્રામ ફિડર પરથી વીજ સપ્લાય ઘંટી ચાલવા માટે જોયતા હોય તો કંપનીના નિયમોનુસાર એન.એ પરમીશન જરૂરી છે | |
| ૨ | દાહોદ | બચુભાઈ ખાબડ પશુપાલન અને મત્સ્યોધોગ મંત્રી શ્રી | દાહોદ | દાહોદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં ઘર વપરાશના નવીન વીજ જોડાણ માટે વિશ ઘરોનું જુથ હોય તોજ જોડાણ આપવામાં આવે છે અમારા જીલ્લામાં છૂટા છવાયા ઘરો હોય જેથી જૂની પધ્ધતિ પ્રમાણે વીજ જોડાણ પ્રથા ચાલુ રાખવી જોઈએ. | ખેતી વિષયક જમીનમાં ખેતીવાડી ફિડર પરથી ૩ કિ.વોટ સુધીની મર્યાદામાં અને રૂા. એક લાખ સુધીની અંદાજપત્રની રકમ જરૂરત પ્રમાણે ભરપાઇ કર્યેથી વીજ જોડાણ આપવામાં આવે છે. | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૩ | દાહોદ | બચુભાઈ ખાબડ પશુપાલન અને મત્સ્યોધોગ મંત્રી શ્રી | દાહોદ | દાહોદ જિલ્લામાં ખેતીવાડી માટે નો વીજ પ્રવાહ આઠ કલાક પ્રમાણે નિયમિત મળતો નથી લાઇન ફોલ્ટમાં છે કે અનેક પ્રશ્નો બતાવીને સમય વેડફાય છે જે ચાલુ વર્ષે ખેતીમાં નિષ્ફળ હોય તો શિયાળા ખેતી માટે ખેડૂતોને નિયમિત એ.જી. લાઇન નો પુરવઠો સમય મર્યાદા પૂરતો મળવો જોઈએ. | દાહોદ જીલ્લામાં ખેતીવાડી માટે આઠ કલાક વીજ પુરવઠો આપવામાં આવે જ છે પરંતુ અનિવાર્ય સંજોગોમાં લાઇન ફોલ્ટ થવાને કારણે લાઇન બંધ જેટલો સમય રહે તેટલો વીજ સપ્લાય જે તે દિવસે સિડ્યુલ ટાઈમ ઉપરાંત વધારાનો સમય ફાળવી સરભર કરી આપવામાં આવે છે | |
| ૪ | દાહોદ | બચુભાઈ ખાબડ પશુપાલન અને મત્સ્યોધોગ મંત્રી શ્રી | દાહોદ | ગમાડાંઓમાં વાયરની ચોરીઓ મોટા પ્રમાણમાં થાય છે તેના ચોર લોકોને ખેડૂતો પકડીને આપે છે છતાં તેની સામે કાયદેસરની સખ્ત શિક્ષાઓ ન થવાથી ચોરીઓનું પ્રમાણ વધે છે અને લાંબા સમયથી લાઈનો ઊભી કરેલ હોવા છતાં વીજ પ્રવાહ ચાલુ ન થવાને કારણે આમ બને છે | જેતે સમયે જે સ્થળે કંપનીની હયાત લાઇન ના મટિરિયલ્સની ચોરી થતી હોય તે વખતે જે તે સબ ડિવિઝનના નાયબ ઇજનેર જે તે સ્થાનિક પોલીસ સ્ટેશન લાગતું હોય તેમાં પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવે છે જેની તપાસ તે પોલીસ સ્ટેશન ધ્વારા હાથ ધરવામાં આવે છે | |
| ૫ | દાહોદ | બચુભાઈ ખાબડ પશુપાલન અને મત્સ્યોધોગ મંત્રી શ્રી | દાહોદ | દાહોદ જીલ્લામાં સિંચાઇની મોટી કોઈ યોજનાઓ ના હોય સિંચાઇનો મોટો પ્રશ્ન છે તો ખેડૂતોએ ખેતી વીજ જોડાણ માટેની મોટા પાયે પેન્ડિંગ અરજીઓ હોય તેની વહેલી તકે જોડાણ મળે તેવી કાર્યવાહી સારૂં. | સરકારશ્રી ધ્વારા નિર્ધારિત કરવામાં આવેલ લક્ષ્યાંક મુજબ ખેતીવાડી વીજ જોડાણ આપવામાં આવેલ છે. હાલમાં દાહોદ જીલ્લામાં ૨૦૧૧ માં નોધાયેલી ખેતીવાડી અરજીઓ ના અંદાજપત્રક આપી દેવામાં આવેલ છે | |
| ૬ | દાહોદ | બચુભાઈ ખાબડ પશુપાલન અને મત્સ્યોધોગ મંત્રી શ્રી | દાહોદ | દાહોદ જિલ્લાના અમુક તાલુકાઓમાં નવીન વીજ જોડાણથી કેટલાક પેટા પરા ઘર વપરાશ ના વીજ જોડાણ થી વંચિત હોય તેવા પેટા પરનું વીજળીકરણ કરવા સારું | દાહોદ જીલ્લામાં આદિજાતિ વિકાસની  કચેરીમાં નોધાયેલ પેટા પરનું ૧૦૦% વીજળીકરણ પૂર્ણ થઈ ગયેલ છે પરંતુ તેમ છતાં નવા ઊભા થયેલ પેટા પરા જો વીજળીકરણથી વંચિત હોય તો તેની યાદી જે તે ક્ષેત્રિય કચેરીએ મોકલાવા વિનતિ. મ.ગુ.વી.કં.લી. નિયમોનુસાર તથા અગ્રતાક્રમ મુજબ તેની કામગીરી હાથ ધરવામાં આવશે. | |
| ૭ | દાહોદ | બચુભાઈ ખાબડ પશુપાલન અને મત્સ્યોધોગ મંત્રી શ્રી | દાહોદ | દાહોદ જિલ્લાના અમુક તાલુકાઓમાં દર માગલવારે વીજ પુરવઠો બંધ રાખવામા આવે છે જેથી તાલુકાની તમામ કચેરીઓના ઓન લાઇનના વહીવટ વ્યવહારો બંધ થઈ જાય છે તો રવિવારે અથવા રજાના દિવસે બંધ રહેતો સરકારી કામ કાજ થઈ શકે. | ઉર્જા-ખાણ અને ઉધ્યોગ કચેરી ગાંધીનગર ધ્વારા દરેક જિલ્લા માટે સ્ટેગર હોલી ડે નિર્ધારિત કરવામાં આવેલ છે તે મુજબ દાહોદ જીલ્લામાં માટે મંગળવાર ફાળવવામાં આવેલ છે તેથી મંગળવારના દિવસે જરૂરી સમારકામ કરવા માટે વીજ પુરવઠો બંધ કરવામાં આવે છે | |
| ૮ | દાહોદ | બચુભાઈ ખાબડ પશુપાલન અને મત્સ્યોધોગ મંત્રી શ્રી | દાહોદ | દેવગઢ બારિયા તાલુકામાં ગ્રામ્ય વિસ્તારોમાં લાઇટના ઘણા જ પ્રશ્નો રહે છે નિયમિત પ્રવાહ આપવામાં આવતો નથી અને કચેરીમાથી સંતોષકારક જવાબો પણ આપવામાં આવતા નથી. | દેવગઢ બારિયા તાલુકામાં મહદઅંશે જંગલ વિસ્તાર અને ડુંગરાળ વિસ્તાર આવેલ છે વધુમાં દેવગઢ બારિયા તાલુકાનાં ૮૬ ગામ માટે ફક્ત એક જ ૬૬ કેવી સબ સ્ટેશન કાર્યરત છે જેથી સદર ગામોને વીજ પુરવઠો પૂરી પાડતી વીજ લાઇન તેમજ લાંબી અને જંગલમાથી પસાર થાય છે જેથી વીજ વિક્ષેપ ઊભા થવાની શકયતા રહેલ છે આમ છતાં વીજ વિક્ષેપ શકય તેટલો ઝડપથી દૂર કરી વીજ પુરવઠો ચાલુ કરવામાં આવે છે. | |
| ૯ | દાહોદ | બચુભાઈ ખાબડ પશુપાલન અને મત્સ્યોધોગ મંત્રી શ્રી | દાહોદ | ગ્રામ્ય વિસ્તારોમાં દેવગઢ બારિયા તાલુકાનાં ઘર વપરાશના ટીડકી અને મડામહુડી ગામોના ખેડૂતો માત્ર ઘર વપરાશના વીજ જોડાણ મેળવેલ હોય તેવા ખેડૂતો માત્ર એક થી બે બલ્બ ૬૦ વોલ્ટના વપરતા હોય તેવા ખેડૂતોને ૩ લાખ ઉપરાંતના બિલ આપવામાં આવે છે જૂના મીટરો રીડિંગની ચકાસણી કર્યા વગર કે આની કારણોસર આમ બને છે. | લોક દરબારમાં આપની રજૂઆતના સંદર્ભે મ.ગુ.વી.કં.લી. ના ઉપસ્થિતિઓ ધ્વારા ઉપરોક્ત બંને કેસ ફેર ચકાસણી માટે ઉપલી કચેરીએ સાદર કરવામાં આવશે અને ઉપલી કચેરીના આદેશ મુજબ આગળની કાર્યવાહી કરવામાં આવશે. | |

| અ. નં. | વિભાગીય કચેરી | પ્રશ્નાર્થીનું નામ | સરનામું | પ્રશ્નની વિગત | પ્રત્યુતર | નોંધ |
|---|---|---|---|---|---|---|
| | | કોઈ પ્રશ્નની રજુઆત મળેલ નથી | | | | |